

ધીરો થઈને જ્ઞાનને જરા વિચારમાં રોક; જેને ભૂલવું છે, જેને મૂકવું છે, જેને છોડવું છે, તેને બધાને ભૂલીને વિચાર કર. ગમે ત્યારે પરને તો તારે છોડવાનું જ છે તો અત્યારે જ એને ભૂલીને તું તને સંભાળ.

—કરુણાસાગર પૂજ્ય ગુરુદેવ


| | | | | |
|---|---|---|---|---|
| કહાન સં. ૨૧<br>સં. ૨૦૫૭ | [૬૯૩] | * આત્મધર્મ * | [ અંક-૧<br>વર્ષ-૫૮ ] | વીર સં. ૨૫૨૭<br>જુલાઈ-૨૦૦૧ |

# આગમ–મહાસાગરનાં અણમૂલાં રત્નો

❀ યહ એક આશ્ચર્યકી બાત હૈ કિ સજ્જન પુરુષ ચિરકાળ કે સતત પ્રયત્નસે ભી જગતકો અપને સમાન સજ્જન બનાનેકે લિયે સમર્થ નહીં હો પાતે. પરંતુ દુર્જન પુરુષ ઉસે શીઘ્ર હી દુષ્ટ બના લેતા હૈ. ઈર્ષા નહિ કરના, દયા કરના તથા ગુણી જીવોંસે પ્રેમ કરના યહ સજ્જનતાકી અન્તિમ અવધિ હૈ ઔર ઈસસે વિપરીત અર્થાત્ ઈર્ષા કરના, નિર્દયી હોના તથા ગુણી જીવોંસે પ્રેમ નહીં કરના યહ દુર્જનતાકી અન્તિમ અવધિ હૈ. ૬૮૯.

*(શ્રી જિનસેન આચાર્ય, આદિ પુરાણ, ભાગ–૧, પ્રથમ પર્વ, શ્લોક–૯૧-૯૨)*

❀ ભિન્ન દ્રવ્યનું પરિણામ ભિન્ન દ્રવ્યને પ્રાપ્ત થતું નથી–એક દ્રવ્ય બીજાં દ્રવ્યરૂપ કદી પરિણમન કરતું નથી–જો એમ ન કરવામાં આવે તો ભિન્ન દ્રવ્યોની આ સ્વદ્રવ્ય–પરદ્રવ્યની વ્યવસ્થા કેવી રીતે બની શકે ? બની શકે નહિ. ૬૯૦. *(શ્રી અમિતગતિ આચાર્ય, યોગસાર–પ્રાભૃત, અધિ.–૩, ગાથા–૧૬)*

❀ યદ્યપિ સબ દ્રવ્ય એકક્ષેત્રાવગાહકર રહતે હૈં, તો ભી શુદ્ધ નિશ્ચય નયકર જીવ કેવલજ્ઞાનાદિ અનંત ગુણરૂપ અપને સ્વરૂપકો નહીં છોડતે હૈં, પુદ્ગલદ્રવ્ય અપને વર્ણાદિસ્વરૂપ નહીં છોડતા, ઔર ધર્માદિ અન્ય દ્રવ્ય ભી અપને અપને સ્વરૂપકો નહીં છોડતે હૈં. ૬૯૧.

*(શ્રી યોગીન્દ્રદેવ, પરમાત્મપ્રકાશ, અધિ.–૨, ગાથા–૨૫)*

❀ પ્રબળ કર્મના મળવાથી જેનો સહજ એક જ્ઞાયકભાવ તિરોભૂત થઈ ગયો છે એવા આત્માનો અનુભવ કરનાર પુરુષો—આત્મા અને કર્મનો વિવેક નહિ કરનારા, વ્યવહારથી વિમોહિત હૃદયવાળાઓ તો, તેને (આત્માને) જેમાં ભાવોનું વિશ્વરૂપપણું (અનેકરૂપપણું) પ્રગટ કરે છે એવો અનુભવે છે; પણ ભૂતાર્થદર્શીઓ (શુદ્ધનયને દેખનારાઓ) પોતાની બુદ્ધિથી નાખેલા શુદ્ધનય અનુસાર બોધ થવા માત્રથી ઊપજેલા આત્મ-કર્મના વિવેકપણાથી, પોતાના પુરુષાર્થ દ્વારા આવિર્ભૂત કરવામાં આવેલા સહજ એક જ્ઞાયકભાવપણાને લીધે તેને (આત્માને) જેમાં એક જ્ઞાયકભાવ પ્રકાશમાન છે એવો અનુભવે છે. ૬૯૨. *(શ્રી અમૃતચંદ્ર આચાર્ય, સમયસાર–ટીકા, ગાથા–૧૧)*

કહાન સંવત-૨૧ વર્ષ-૫૮ અંક-૧ [૬૯૩]

દંસણમૂલો ધમ્મો । ધર્મનું મૂળ સમ્યગ્દર્શન છે.

# આત્મધર્મ

શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક પત્ર

વીર સંવત ૨૫૨૭ સં. ૨૦૫૭ JULY A.D. 2001


## સ્વભાવદૃષ્ટિમાં પુણ્ય-પાપના બે ભેદ નથી

(સળંગ પ્રવચન નં-૧૦૬)

આ શ્રી પરમાત્મપ્રકાશ શાસ્ત્ર છે. બીજા અધિકારની ‘૫૨’ ગાથા પૂરી થઈ છે. હવે નિશ્ચયનયથી પુણ્ય-પાપ બંને સમાન છે એ વાત ૧૪ દોહામાં યોગીન્દ્રદેવ કહે છે.

પોતાના જ્ઞાનાનંદ સ્વભાવને ભૂલીને આત્મામાં જે કોઈ શુભ કે અશુભભાવ થાય છે તે બંને ભાવ બંધના કારણ છે. દેહાદિ તો જડ છે તે કાંઈ આત્મા નથી અને કર્મ પણ જડ છે. આત્મા પોતે અખંડ જ્ઞાનાનંદ શુદ્ધ ચૈતન્યમૂર્તિ છે પણ પોતાના સ્વરૂપને ભૂલીને આત્માના પરિણામમાં અનાદિથી શુભાશુભભાવ થાય છે તે વિકાર છે. આ વિકાર આત્માને નુકશાનનું કારણ છે, દુઃખરૂપ છે અને પરિભ્રમણનો હેતુ છે.

શુદ્ધ જ્ઞાનાનંદસ્વરૂપથી વિપરીત એવા હિંસા, જૂઠ, ચોરી આદિ અશુભભાવ અને અહિંસા, સત્ય, અચૌર્ય આદિ શુભભાવ–બંને ભાવ આત્માને બંધનું કારણ હોવાથી સમાન છે. નિશ્ચયથી શુભ-અશુભભાવ સમાન છે એમ જે જાણતા નથી તે જ બંનેમાં ભેદ પાડે છે. निश्चयनयेन बन्धमोक्षहेतुभूतौ न जानाति स एव पुण्यपापद्वयं करोति પુણ્ય-પાપના બે ભાગ અજ્ઞાની જ પાડે છે.

સ્વભાવપરિણામ મોક્ષનું કારણ છે અને વિભાવપરિણામ બંધનું કારણ છે. નિશ્ચયથી આવો ભેદ જાણતા નથી તે જ પુણ્ય-પાપનો કર્તા થાય છે અને ચોરાશીના અવતારમાં ભમે છે. જુઓ ને ! ક્ષણમાં દેહ છોડીને કેટલાં જીવો ચાલ્યા જાય છે ! પેલા ભાઈ બે કલાકમાં ઉડી ગયા, રાણપુરના એક ‘મોઢ’ ભાઈ ગુજરી ગયા. આ તો સંયોગ છે ભાઈ ! તેને ટકવાનો કાળ પણ જે નક્કી થઈને આવ્યો છે એટલો જ હોય. અને

ભગવાન આત્મા તો અનાદિ-અનંત છે. તે કોઈ સંયોગથી બનેલી ચીજ નથી કે નાશ થાય અથવા બીજામાં ભળી જાય.

આવા સત્ ચિદાનંદ સ્વરૂપ આત્માની શ્રદ્ધા, જ્ઞાન, શાંતિ અને આનંદનું પરિણમન થવું તે મોક્ષનું કારણ છે, તે સિવાય જે કોમળ એવા મંદકષાયના પરિણામ અને તીવ્ર એવા અશુભપરિણામ બંને બંધનું કારણ છે—વિભાવ છે—વિકાર છે આમ જે નથી જાણતા અને શુભ—અશુભમાં ભેદ પાડે છે કે શુભભાવ આત્માને મોક્ષનું કારણ છે અને અશુભભાવ બંધનું કારણ છે તે આમ ને આમ સંસારમાં રખડે છે. મિથ્યાશ્રદ્ધામાં પરનું હું કરું છું, પર મારા છે, શુભભાવથી ધર્મ થાય એમ અનેક પ્રકારે માન્યતા કરીને ચાર ગતિ અને ચોરાશી લાખ યોનિમાં ભ્રમણ કરે છે. પણ હું જેમ દેહ અને કર્માદિથી નિરાળી ચૈતન્યવસ્તુ છું તેમ શુભ અને અશુભભાવથી પણ મારું સ્વરૂપ નિરાળુ છે એ આ જીવે કદી જાણ્યું નથી. અનંતકાળમાં એક સેંકડ પણ આવા સ્વભાવનું જ્ઞાન કર્યું નથી.

તું તો અનાદિનો છો, તું ક્યાં નવો થયો છે ! નવું દ્રવ્ય કોઈ થાય જ નહિ અને જે હોય તે કદી જાય નહિ—નાશ પામે નહિ. જે હોય તેનું રૂપાંતર અને દશાંતર થાય. આત્મામાં અનાદિકાળથી દશાંતર થાય છે શુભ અને અશુભભાવમાં—કામ ને ક્રોધ લોભ ને મોહ, દયા ને દાન, વ્રત ને ભક્તિ, પૂજા અને પાઠના ભાવ બદલાયા જ કરે છે પણ તે બધાં ભાવ બંધનું કારણ છે તેમ નહિ જાણતાં શુભને ઠીક અને અશુભને અઠીક માનીને ભેદ પાડનારા જીવ સંસારમાં—ચાર ગતિમાં રખડે છે અને રખડશે. એ વાત અહીં ૫૩મી ગાથામાં કહે છે.

बंधहँ मोक्खहँ हेउ णिउ जो णवि जाणइ कोइ ।
सो पर मोहिं करइ जिय पुण्णु वि पाउ वि दोइ ।।५३।।

અર્થ :—જે કોઈ જીવ પોતાના વિભાવપરિણામ બંધનું કારણ છે અને સ્વભાવપરિણામ મોક્ષનું કારણ છે—એવો ભેદ જાણતા નથી તે પુણ્ય અને પાપ બંનેને મોહથી કરે છે.

જુઓ ! ધ્યાન રાખજો જડકર્મ તો આત્માને બંધ-મોક્ષનું કારણ બિલકુલ નથી કેમકે એ તો જડ—માટી છે. આત્મા સત્ નામ શાશ્વત, ચિદ્ એટલે જ્ઞાન અને આનંદસ્વરૂપ—સત્ ચિદાનંદ મૂર્તિ છે તેના નિજસ્વભાવની શ્રદ્ધા—જ્ઞાન-શાંતિરૂપ પરિણામ મુક્તિનું કારણ છે અને તેના જ શુભાશુભરૂપ નિજભાવ વિકારી હોવાથી બંધનું કારણ છે. સ્વભાવપરિણામ અને વિભાવપરિણામ બંનેને નિજભાવ કહ્યાં છે. સ્વભાવપરિણામ પોતાના સુલટા ભાવ છે અને વિભાવપરિણામ પોતાના ઊલટા ભાવ છે. આ ઊલટા

ભાવ જ પોતાને બંધનું કારણ થાય છે, કર્મ જીવને બંધ કરાવતાં નથી.

જીવને પાપના ધંધા આડે સત્ય સમજવાની નવરાશ નથી. પૈસા ભેગા કરવાની તમન્ના છે પણ પૈસા, પૂર્વનું પુણ્ય હોય તો ભેગાં થાય. પુણ્ય ન હોય તો પૈસા માટે મરી જાય એટલી મહેનત કરે તોપણ ભેગાં ન થાય. પૈસા થયાં હોય તે પણ પરદેશમાં મૂકીને આવી જવું પડે. પણ પૈસાનું આત્માને કામ ક્યાં છે? આત્મા તો શાશ્વત જ્ઞાન અને આનંદથી પૂર્ણ છે.

જેમ લીંડીપીપરમાં લીલો રંગ અને તીખાશ પૂરેપૂરા ભરેલાં છે તો તેને ઘૂટવાથી બહાર આવે છે. ન હોય તો ક્યાંથી આવે? પ્રાપ્તની પ્રાપ્તિ છે. જેમ આત્મામાં સર્વજ્ઞ જેવું પૂર્ણ જ્ઞાન અને પૂર્ણ આનંદ ભર્યું પડ્યું છે તે તેની શ્રદ્ધા-જ્ઞાન અને એકાગ્રતાથી પ્રગટ થાય છે તેથી જ્ઞાની એમ માને છે કે મારા સ્વભાવપરિણામ જ મને મુક્તિનું કારણ છે અને મારા જ કરેલાં શુભાશુભ વિકારભાવ મને બંધનું કારણ થાય છે. આમ જે જાણતો નથી તે જ શુભાશુભભાવને મોહથી કરે છે.

આ તો અધ્યાત્મના સૂત્ર છે તેથી તેના શબ્દાર્થ પણ સૂક્ષ્મ છે.

ભાવાર્થ :—નિજ શુદ્ધાત્માની અનુભૂતિની રુચિથી વિપરીત જે મિથ્યાદર્શન, નિજ શુદ્ધાત્માના જ્ઞાનથી વિપરીત મિથ્યાજ્ઞાન અને નિજ શુદ્ધાત્મદ્રવ્યમાં નિશ્ચલ સ્થિરતાથી ઉલટું જે મિથ્યાચારિત્ર—આ ત્રણેયને બંધના કારણ અને આ ત્રણેયથી રહિત ભેદાભેદ રત્નત્રયસ્વરૂપ મોક્ષનું કારણ છે એમ જે જાણતા નથી તે જ મોહને વશ થઈ પુણ્ય-પાપના કર્તા થાય છે અને પુણ્યને ઉપાદેય જાણીને કરે છે તથા માત્ર પાપને હેય સમજે છે.

નિજ એટલે ભગવાન આત્મા, તેની અનુભૂતિ એટલે હું તો આનંદ અને જ્ઞાનમય છું એવો અનુભવ તેની રુચિથી વિપરીત મિથ્યાદર્શન–ઊંધી માન્યતા. આત્મા શુદ્ધ છે તેને અનુસરીને દશાનું થવું–તેની રુચિ નહિ અને તેનાથી વિપરીત દશાની રુચિ તે મિથ્યાત્વ છે. મિથ્યાજ્ઞાન માટે સંસ્કૃત ટીકામાં નિજશુદ્ધાત્મ પ્રતીતિથી વિપરીત શબ્દ વાપર્યો છે. નિજ શુદ્ધાત્માના જ્ઞાનથી આ વકીલાત આદિના બધા તમારા જ્ઞાન વિપરીત છે. જગતની કળાના જ્ઞાન તો મિથ્યા છે પણ શાસ્ત્રના જ્ઞાન કરે તે પણ આત્મજ્ઞાનથી વિપરીત છે. નિજ આનંદકંદમાં સ્થિરતાથી રમવું તેનું નામ ચારિત્ર છે તેનાથી ઊલટા ચારિત્રને મિથ્યાચારિત્ર કહેવાય છે. શુભાશુભ પણ મિથ્યાચારિત્ર છે. આ મિથ્યાદર્શન, મિથ્યાજ્ઞાન અને મિથ્યાચારિત્ર જ જીવને બંધના કારણ છે.

અરે બાપુ! અનંતકાળે આવો દુર્લભ અવતાર મળ્યો છે. નરક, નિગોદમાંથી

નીકળીને અહીં સુધી પહોંચ્યો છે તેમાં જો આ સમ્યગ્જ્ઞાન નહિ કરે તો અવતારના આરાં નહિ આવે. આ ભવ પણ ફૂ થઈને ઊડી જશે. પૂર્વના પુણ્યથી પાંચ-પચાસ કરોડ મળ્યા હશે તે પણ ધૂળ થઈ જશે. શરીરની સ્મશાનમાં રાખ થઈ જશે અને ભગવાન આત્મા પોતાની ભૂલને કારણે રખડવા ચાલ્યો જશે. તે ભૂલ કઈ થાય છે તે અહીં બતાવી છે.

પોતાના સ્વભાવની તો રુચિ નહિ અને બાહ્ય અનુકૂળતાની, પૈસાની રુચિ છે તે બધી મિથ્યા માન્યતા છે—મિથ્યાદર્શન છે. ભગવાન આત્માના જ્ઞાન સિવાય એકલાં શાસ્ત્રના અને પરના ભણતરના જ્ઞાનને મિથ્યાજ્ઞાન કહેવાય છે. શુદ્ધાત્માની શ્રદ્ધા-જ્ઞાન સહિત તેમાં રમણતા તે ચારિત્ર છે તેનાથી ઊલટાં શુભાશુભમાં રમણતા તે મિથ્યાચારિત્ર છે. આ મિથ્યાદર્શન, મિથ્યાજ્ઞાન અને મિથ્યાચારિત્ર—ત્રણેય બંધનનું કારણ છે—અધર્મ છે—નવા આવરણનું કારણ છે.

જેના સ્વભાવમાં જ્ઞાન અને આનંદના સાગર ભર્યા છે એવો પરમસ્વરૂપ આત્મા, અજ્ઞાનીને મન તે જાણે કાંઈ વસ્તુ જ નથી ? તેને તો આ દેહની વિવિધ ક્રિયા એ જ આત્માનું જીવન લાગે છે. બહુ થાય તો પુણ્ય-પાપભાવને સ્વીકારે પણ જે આત્માનું સ્વરૂપ જ નથી તેને એણે આત્મા માન્યો છે. સંતો મહંતોએ પોતાના જ સ્વરૂપના સાધન વડે આત્માને સાધ્યો છે અને એવો જ દરેકનો આત્મા છે પણ તેના શ્રદ્ધા-જ્ઞાન અને ચારિત્ર વિપરીત હોવાથી તેણે વિપરીતતાને જ સાધી છે.

શુદ્ધાત્માની અનુભૂતિરૂપી રુચિ, શુદ્ધાત્માનું જ્ઞાન અને શુદ્ધાત્મામાં સ્થિરતા આ ત્રણેયની એકતા મોક્ષનું કારણ છે તે જ્યાં સુધી પૂર્ણપણે પ્રગટ ન થાય ત્યાં સુધી તે જીવને નવતત્ત્વની તથા દેવ-શાસ્ત્ર-ગુરુની શ્રદ્ધાનો રાગ, શાસ્ત્ર ભણતરનો રાગ અને પંચમહાવ્રતાદિનો વિકલ્પ હોય છે તેને ભેદરત્નત્રય કહેવાય છે. આ ભેદરત્નત્રયને ઉપચારથી મોક્ષનું કારણ કહેવાય છે. નિશ્ચયથી તો અભેદરત્નત્રય જ મોક્ષનું કારણ છે.

અંતઃસ્વભાવની રુચિ તે વીતરાગી રુચિ છે, વીતરાગી આત્મસ્વભાવની પ્રતીતિ, તેનો અનુભવ અને તેમાં ઠરવું એ જ મુક્તિનું કારણ છે. તેની સાથે જે વિકલ્પ હોય છે તેનું જ્ઞાન કરાવવા માટે અહીં લીધું છે કે ભેદાભેદરત્નત્રય સ્વરૂપ મોક્ષના કારણને જે જાણતો નથી તે જ મોહને વશ થઈને પુણ્ય—પાપનો કર્તા થાય છે. તેમાં પણ પુણ્યને ઉપાદેય જાણીને કરે છે અને પાપને હેય સમજે છે.

આ નાડી પરખવી કઠણ છે ભાઈ ! એણે કોઈ દિ' પોતાનો રોગ શું છે તે પકડ્યો નથી. સત્ શાશ્વત સત્ ચિદાનંદ પ્રભુ પોતે જ્ઞાન અને આનંદની પૂતળી છે.

તેની શ્રદ્ધાથી વિપરીત પુણ્ય–પાપભાવને જે કરવા જેવા માને છે તે મિથ્યાદૃષ્ટિ મોહને લઈને માને છે. નિશ્ચયનયથી પુણ્ય-પાપ બંને હેય છે પણ મોહને વશ થઈને અજ્ઞાની પુણ્યને ઉપાદેય અને પાપને હેય માનીને કરે છે. ખરેખર તો બંને ભાવ છોડવાલાયક છે પણ અજ્ઞાની જન્મ-મરણને ગાળવાની રીત સમજ્યો નથી.

"આત્મભ્રાંતિ સમ રોગ નહિ, સદ્‌ગુરુ વૈદ્ય સુજાણ,
ગુરુઆજ્ઞા સમ પથ્ય નહિ, ઔષધ વિચાર ધ્યાન." --શ્રીમદ્‌જી

શરીરનો રોગ તે આત્માનો રોગ નથી. તો આત્માને ક્યો રોગ છે?—હું અખંડાનંદ શુદ્ધ ચૈતન્ય છું એમ નહિ માનતાં, આત્માને શરીરવાળો અને વિકારવાળો માનવો તે મોટી ભ્રાંતિ છે. આ 'આત્મભ્રાંતિ' આત્માનો મોટો રોગ છે તેને મટાડવા માટે સદ્‌ગુરુ જ્ઞાની વૈદ્ય છે તે પણ જાણવું જોઈએ, જ્ઞાનચક્ષુ વિનાનો આંધળો વૈદ્ય ન ચાલે. આત્મસિદ્ધિમાં આ દોહો છે. આત્મભ્રાંતિનો રોગ મટાડવામાં ડોક્ટરની દવા કે વકીલના કાયદા કામ ન લાગે.

આનંદમૂર્તિ આત્માનું શરણ લે! એ તને શરણ થશે. બાકી જગતમાં બીજું કોઈ શરણ નથી. જ્ઞાતા ઉપર દૃષ્ટિની થાપ માર! આત્માને ધ્યેય બનાવીને તેમાં દૃષ્ટિ સ્થાપ એ જ મુક્તિનું કારણ છે, એ જ શરણ છે. તે સિવાય ભગવાન—ભગવાન—કર્યા કરવાથી શરણ મળતું નથી. વિકલ્પ ઊઠે છે તે આત્માનો સ્વભાવ નથી, વિભાવ છે માટે તે શરણરૂપ થતો નથી. શુભ અને અશુભ બંને વિભાવ છે પણ મોહને વશ અજ્ઞાની પોતાના માનીને બે ભાગ પાડે છે કે શુભભાવ સારો છે અને અશુભભાવ ખરાબ છે.

પંડિતો આવી વાત સાંભળી ન શકે. આ વાત સાંભળવા માટે પણ એ જાતની યોગ્યતા, ક્ષયોપશમ અને પુણ્ય જોઈએ. એવા ભાગ્ય એના ક્યાંથી હોય! એણે તો ગુરુ નામ ધરાવીને જગતમાં મિથ્યાશ્રદ્ધા ફેલાવી છે. જ્ઞાનાર્ણવમાં પાઠ છે કે કુગુરુઓએ ધર્મના નામે જગતમાં એવી ભ્રમણા ફેલાવી છે કે તે ભ્રમણા જગતના જીવોને ગળા પકડીને નરક-નિગોદયમાં લઈ જવાની છે. શુભચંદ્રઆચાર્ય થઈ ગયા. નગ્ન દિગંબર મુનિને જગતની શું પડી છે! એમણે તો જગત સામે સત્ય હતું તે બહાર મૂકી દીધું છે.

પુણ્યને ઉપાદેય જાણીને કરે અને પાપને હેય જાણીને કરે એ તો મૂઢ છે. હજી પાપ-પરિણામમાંથી નવરો થતો ન હોય અને પુણ્યને છોડવા જેવા કહે—એમ ન હોય બાપા! અહીં તો ધર્મની વાત છે. પુણ્ય અને પાપ બંને બંધના કારણ છે એમ સમજવાની વાત છે. ભગવાન આત્મા પુણ્ય–પાપના વિકલ્પની વાસનાથી પેલે પાર છે. એવા શુદ્ધ

ભગવાન આત્માની શ્રદ્ધા, જ્ઞાન અને લીનતા જ મોક્ષનું કારણ છે.

અંતરમાં આત્મા જિનચંદ્ર–જિનચંદ્ર–જિનચંદ્ર છે તેને ધ્યાવો. આત્મા વીતરાગી કંદનો દળ છે, વીતરાગી જ્ઞાનની જ્યોતિ છે. જિન એટલે વીતરાગી ચંદ્ર પ્રકાશપૂંજ છે તેનાથી વિરુદ્ધભાવ તે બધો રાગભાવ છે. તે શુભ પરિણામ હો કે અશુભ પરિણામ હો–બંને રાગ છે–વિકાર છે-બંધના કારણ છે એમ જે જાણતો નથી અને શુભાશુભમાં ભેદ પાડે છે તે મિથ્યાદૃષ્ટિ છે–તે વીતરાગી તત્ત્વને માનતો નથી.

આગળ એ જ વાતની વિશેષ ચર્ચા કરે છે કે સમ્યગ્દર્શન–સમ્યગ્જ્ઞાન– સમ્યક્‌-ચારિત્રરૂપ પરિણમતો આત્મા જ મુક્તિનું કારણ છે એવો ભેદ જે જાણતો નથી તે જ પુણ્ય–પાપ બંનેના કર્તા છે.

दंसण-णाण-चरित्तमउ जो णवि अप्पु मुणेइ ।
मोक्खहँ कारणु भणिवि जिय सो पर ताईं करेइ ।।५४।।

અર્થ :—જે સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રમયી આત્માને જાણતાં નથી તેવા જીવ પુણ્ય-પાપ બંનેને મોક્ષના કારણ જાણીને કરે છે.

શુદ્ધ ચિદાનંદ મૂર્તિની સન્મુખના–આત્મઅભિમુખના અને વિભાવથી વિમુખના પરિણામને સમ્યગ્દર્શન કહે છે. સ્વભાવ-સન્મુખના જ્ઞાનને સમ્યગ્જ્ઞાન કહે છે અને નિજ સ્વરૂપના અતીન્દ્રિય આનંદને એકાગ્ર થઈને અનુભવે–પશુ જેમ ઘાસને ચરે છે તેમ આનંદને ચરે તેનું નામ સમ્યક્‌ચારિત્ર છે.

ભાઈ ! સર્વજ્ઞ વીતરાગ પરમેશ્વરને ત્રણકાળ ત્રણલોક જણાયા તેમાંથી કેટલીક વાત વાણીમાં આવી છે તેમાં વાણીમાં ભગવાનનું ફરમાન આમ છે કે અરે આત્મા ! જિનચંદ્ર–વીતરાગીકંદ–આત્માના અંતર સ્વરૂપનો મારગ તેં કદી સાંભળ્યો નથી ભાઈ ! સાંભળવા મળ્યો તો એને ગ્રહણ કરવો કઠણ પડે છે. હવે 'ગ્રહણ' કરવો કઠણ પડે તે ધારે ક્યારે અને રુચિ પૂર્વક પરિણમાવે ક્યારે ! ! ભાઈ ! મારગ તો આ છે. સમ્યક્‌-દર્શન–જ્ઞાન–ચારિત્રમયી આત્માને જાણવાનો મારગ છે. 'મયી' કહ્યું છે ને !

તારે મોક્ષ જોઈતો હોય તો આ મારગ છે. મોક્ષ એટલે ? આત્મામાં જે શક્તિ પડી છે તેની પૂર્ણ પ્રગટતા થવી તેનું નામ મોક્ષ છે. વિકારનો પૂર્ણ અભાવ અને પૂર્ણ આનંદની પ્રાપ્તિ–તેનું નામ મુક્તિ છે. મુક્તિમાં સુખ અને શાંતિ છે. બાકી પૈસા ઘણાં મળે તેનાથી સુખશાંતિ થાય તેવું નથી. મહિને લાખ–બે લાખ મળે તેમાં આત્માનું હિત શું થાય ! પૂર્વે પુણ્યના રજકણ–કર્મ બાંધ્યા હતાં તે બળી ગયા ત્યારે પૈસા આવ્યા

ત્યારે તું કહે છે કે મારે પૈસા આવ્યા પણ ભગવાન કહે છે કે તારા પુણ્ય બળ્યાં છે. દુનિયાથી ઊંધી વાત છે અહીં તો.

આત્મા દર્શન–જ્ઞાન–ચારિત્રવાળો છે એમ નહિ પણ આત્મા દર્શન–જ્ઞાન–ચારિત્રમયી છે---આવા જિનચંદ્ર આત્માને ધ્યાવો...ધ્યાવો. આવા જિનચંદ્રને જે જાણતા નથી તે જ જીવ પુણ્ય અને પાપ બંનેને મોક્ષના કારણ જાણીને કરે છે.

અરે પ્રભુ ! તેં કદી તારી સન્મુખ જોયું નથી. તારા સ્વભાવની કિંમત તને કદી આવી નથી. દુનિયામાં મોટામાં મોટો હીરો હોય તેની તને કિંમત આવે છે પણ તને જોનારી આંખ અને તેને પણ જાણનારા ચૈતન્યહીરાની કિંમત કેટલી! અંદરમાં પૂર્ણ અતીન્દ્રિય આનંદના અનંત ચોસલાં ભર્યાં પડ્યાં છે તેને ખુલ્લા કરીને ખાવાની તૈયારી તારી જોઈએ. કેવળી ભગવાનને એક સમયમાં જે અતીન્દ્રિય આનંદનો અનુભવ થાય એવા અનંતા અતીન્દ્રિય આનંદના ચોસલાં તારી શક્તિમાં ભર્યાં છે.

અરે ! આ રાગના ભિખારી–પૈસાના ભિખારીને પૈસા વિના ચાલે નહિ, આબરૂ વિના ચાલે નહિ, સ્ત્રી વિના ચાલે નહિ—આત્માના સ્વભાવ વિના એને ચાલે છે. આ તો ગજબ છે ને ! ભગવાન સર્વજ્ઞદેવે આત્માને પૂર્ણાનંદસ્વરૂપ જોયો છે તેવા આત્માની અંતરદૃષ્ટિ, જ્ઞાન અને રમણતા એ મોક્ષમાર્ગ છે. આવા મોક્ષમાર્ગમયી આત્માને જે જાણતો નથી તે જ પુણ્ય–પાપને મોક્ષમાર્ગ જાણીને સેવે છે.

અહીં તો મૂળગી મૂડીની વાત છે ભાઈ !

ભાવાર્થ :—નિજ શુદ્ધાત્માની ભાવનાથી ઉત્પન્ન જે વીતરાગ સહજાનંદ સુખરસનો આસ્વાદ–તેની રુચિરૂપ સમ્યગ્દર્શન, તે જ શુદ્ધાત્માનંદ વીતરાગી નિત્યાનંદ એક સ્વ-સંવેદનરૂપ સમ્યગ્જ્ઞાન અને વીતરાગ–પરમાનંદ એકરૂપ પરમ સમરસીભાવથી તેમાં જ નિશ્ચય સ્થિરતારૂપ સમ્યક્ચારિત્ર–આ ત્રણેયથી પરિણત જે આત્મા તેને જે મોક્ષનું કારણ જાણતા નથી તે જ પુણ્યને આદરવાયોગ્ય માને છે અને પાપને ત્યાગવાયોગ્ય માને છે તથા જે સમ્યગ્દૃષ્ટિ જીવ રત્નત્રયસ્વરૂપે પરિણમેલા આત્માને જ મોક્ષમાર્ગ જાણે છે તેને તીર્થંકરનામપ્રકૃતિ આદિ શુભ (પુણ્ય) પ્રકૃતિઓનું બંધન હોય છે પણ તેને સમ્યગ્દૃષ્ટિ ઉપાદેય માનતાં નથી, કર્મપ્રકૃતિને ત્યાગવાયોગ્ય જ સમજે છે.

નિજ શુદ્ધાત્માની ભાવના એટલે એકાગ્રતા એવો અર્થ છે. ભાવના એટલે વિકલ્પ નહિ. કોઈ સમજ્યા વિના ઊંધા અર્થ કરે તો તે દોષ આકરો છે. ''જાતિ અંધનો દોષ નહિ આકરો, જે જાણે નહિ અર્થ મિથ્યાદૃષ્ટિ તેથી આકરો, કરે અર્થના અનર્થ.''

આંધળો તો બિચારો દેખતો નથી એટલે શું કરે! પણ આ દેખનારો અર્થના અનર્થ કરે ઈ તેનો દોષ આકરો છે. શાસ્ત્રમાં એમ આવે છે કે સમ્યગ્દૃષ્ટિ શ્રાવક પણ કોઈ કોઈવાર શુદ્ધાત્માની ભાવના કરે છે તેનો અર્થ એ છે કે શ્રાવકને આત્માનું ભાન તો નિરંતર વર્તે જ છે પણ ક્યારેક અંદરમાં શુદ્ધોપયોગમાં અનુભવ પણ કરી લે છે. તેના બદલે ભાવનાનો અર્થ અમુક લોકો એવો કરે છે કે 'કલ્પના', આ કાળે શુદ્ધોપયોગ તો નથી માત્ર કલ્પના કરે છે. (પણ એ અર્થ ખોટો છે).

આગળ ૫૦ મી ગાથાના ભાવાર્થમાં પણ આવી ગયું કે નિજ શુદ્ધાત્માની ભાવના એટલે શુદ્ધાત્મામાં એકાગ્રતા કરે તો વીતરાગ પરમાનંદ અતીન્દ્રિય સુખરસનો આસ્વાદ આવશે અને શુભાશુભરાગમાં એકાગ્રતા કરે તો આકુળતા થશે.

ભગવાન આત્મા તો સહજાનંદ ગુણનો દરિયો, સુખેથી ભરિયો છે, તેની રુચિ કરવી તેનું નામ સમ્યગ્દર્શન છે. અહો આવો આત્મા! આત્માના આસ્વાદથી ઉત્પન્ન થયેલી રુચિને સમ્યક્ત્વ કહ્યું છે. માત્ર શક્તિરૂપ આત્મા નહિ પણ તેની ભાવનાથી આસ્વાદ ઉત્પન્ન થયો છે તેની રુચિને જૈનોનું સમ્યગ્દર્શન કહેવાય છે.

અહા! આત્મા જિનચંદ્ર–જિનકંદ છે તેમાં એકાગ્રતાથી જે અતીન્દ્રિય આનંદનો આસ્વાદ આવે તેની રુચિ થાય કે આ આત્મા છે–તેને સમ્યગ્દર્શન કહેવાય છે. આનંદ તે આત્મા છે એમ આવ્યું તેમાં પુણ્ય-પાપ આત્મા નથી એ ભાવ આવી જાય છે. બાકી દેવ-શાસ્ત્ર-ગુરુની ભક્તિ કરો કે પાલીતાણાની ૯૯ યાત્રા કરો તેનાથી સમ્યગ્દર્શન થાય તેમ નથી. ભગવાન આત્મા ઉપર દૃષ્ટિ કરી, તેમાં એકાગ્ર થઈને આત્માના શિખરે ચડે તેમાં જે અતીન્દ્રિય આનંદ આવે છે તે દ્વારા રુચિ થાય છે કે 'આ જ આત્મા છે' તે સમ્યગ્દર્શન છે. અહીં તો સમ્યગ્દર્શન–જ્ઞાનમયી આત્મા વર્ણવવો છે એટલે તેની વ્યાખ્યા કરે છે.

પરમ પવિત્ર આત્માનું વીતરાગી નિત્યાનંદ એક સ્વસંવેદનનું જ્ઞાન થવું તે સમ્યક્‌-જ્ઞાન છે. શાસ્ત્રના ભણતરને અહીં જ્ઞાન કહેતાં નથી. એક સ્વસંવેદનના બે ભાગ નથી. એક સ્વસંવેદનનું જ્ઞાન જ સાચું જ્ઞાન છે અને વીતરાગ પરમાનંદ એકરૂપ સમરસીભાવમાં સ્થિરતા તે સમ્યક્ચારિત્ર છે. આ સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રમાં પરિણત થયેલો જીવ પોતે જ મુક્તિનું કારણ છે. આવા મોક્ષમાર્ગને મોક્ષનું કારણ ન માનતાં પુણ્યને મોક્ષનું કારણ અને પાપને બંધનું કારણ માને છે તે મૂઢ મિથ્યાદૃષ્ટિ અજ્ઞાની અધમદૃષ્ટિ છે. તેને આત્માની શ્રદ્ધાની અને આત્માની મુક્તિની કાંઈ ખબર નથી. *(ક્રમશઃ)*

*

# અષ્ટાંગ—સમ્યક્‌ત્વનું સ્વરૂપ

(શ્રી નાટક સમયસાર શાસ્ત્ર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન)

(સળંગ પ્રવચન નં-૮૫)

આ શ્રી નાટક સમયસાર શાસ્ત્ર છે. તેમાં નિર્જરા અધિકારમાં હવે સમ્યગ્દર્શનના આઠ અંગના નામ કહે છે. નામ કહો, ચિહ્ન કહો, લક્ષણ કહો, અવયવ કહો કે આચાર કહો બધું તેમાં આવી જાય છે.

'સમ્યગ્દર્શનના આઠ અંગના નામ'

प्रथम निसंसै जानि, दुतिय अवंछित परिणमन ।
तृतिय अंग अगिलानि, निर्मल दिष्टि चतुर्थ गुन ॥५८॥
पंच अकथ परदोष, थिरीकरन छट्ठम सहज ।
सत्तम वच्छल पोष, अष्टम अंग प्रभावना ॥५९॥

અર્થ :—નિઃશંકિત, નિઃકાંક્ષિત, નિર્વિચિકિત્સત, અમૂઢદષ્ટિ, ઉપગૂહન, સ્થિતિકરણ, વાત્સલ્ય અને પ્રભાવના—આ સમ્યગ્યદર્શનના આઠ અંગનો અર્થ અથવા સ્વરૂપ હવેના પદ્યમાં કરશે.

'સમ્યક્‌ત્વના આઠ અંગોનું સ્વરૂપ'

धर्ममैं न संसै सुभकर्म फलकी न इच्छा,
असुभकौ देखि न गिलानि आनै चित्तमैं ।
सांची दिष्टि राखै काहू प्रानीकौ न दोष भाखै,
चंचलता भानि थिति ठानै बोध वितमैं ॥
प्यार निज रूपसौं उछाहकी तरंग उठै,
एई आठौ अंग जब जागै समकितमैं ।
ताहि समकितकौं धरैं सो समकितवंत,
वहै मोख पावै जो न आवै फिरि इतमैं ॥६०॥

૧. નિશંકિતઅંગ :—સ્વરૂપમાં સંશય ન કરવો એ નિઃશંકિત અંગ છે. પોતાનું સ્વરૂપ શુદ્ધ, અખંડ, અભેદ ચૈતન્યસ્વરૂપ છે તેમાં ધર્મીને શંકા થતી નથી.

નિયમસાર ૫મી ગાથામાં 'આપ્તપુરુષ શંકા રહિત છે' એમ કહ્યું છે. ત્યાં

શંકાનો અર્થ મોહ, રાગ અને દ્વેષ છે. જેમ આપ્તપુરુષ મોહ-રાગ-દ્વેષથી રહિત છે તેમ સમકિતવંતનું સ્વરૂપ પણ મોહ-રાગ-દ્વેષથી રહિત છે. મારું સ્વરૂપ મોહ, રાગ, દ્વેષથી રહિત છે એમ ધર્મી નિઃશંકપણે માને છે અને પરમેશ્વર—આપ્તને તો અસ્થિરતાના રાગ-દ્વેષ પણ ટળી જઈને વીતરાગતા પ્રગટ થઈ ગઈ છે.

જેમ શરીર અંગી છે તેનાથી હાથ-પગ આદિ અંગ જુદા નથી તેમ સમકિતના અંગો સમકિતથી જુદા નથી.

૨. નિઃકાંક્ષિત અંગ :—શુભ ક્રિયા કરીને તેના ફળની અભિલાષા ન કરવી એ નિઃકાંક્ષિત અંગ છે.

નિઃશંકિત અંગમાં અસ્તિપણે આત્માની શ્રદ્ધા લીધી છે. આ નિઃકાંક્ષિત અંગમાં શુભના ફળની વાંછાનો અભાવ કહીને નાસ્તિથી ગુણ બતાવ્યો છે. એકલા પવિત્ર નિર્મળ નિજરૂપમાં નિઃશંક એવા ધર્મીને શુભપરિણામ આવે છે પણ તેની પાછળ તેના ફળની ભાવના હોતી નથી. નિઃશંસયભાવ પ્રગટ્યો તેની સાથે જ નિર્વાંછકભાવ પણ હોય જ છે. શુભરાગથી હું રહિત છું માટે તેના ફળની ઈચ્છા પણ મને નથી.

સમ્યગ્દ્રષ્ટિ શુભભાવથી વિરક્ત જ છે તેમ જ તેના ફળની પણ તેને વાંછા નથી. પોતાના વસ્તુસ્વરૂપમાં જે નિઃશંસય થયા છે તેને જ વાંછાનો અભાવ હોય છે. શુભવિકલ્પ ઊઠે ત્યાં તેને એમ નથી થઈ જતું કે 'આ હું છું.'

૩. નિર્વિચિકિત્સા અંગ :—દુઃખદાયક પદાર્થો જોઈને ગ્લાનિ ન કરવી તે નિર્વિચિકિત્સા અંગ છે.

પોતાના પરિણામમાં કોઈ એવો અશુભ વિકલ્પ આવી જાય તો એમ ન થઈ જાય કે અરે ! મારા સ્વભાવમાં આ શું આવી ગયું ? મારા સ્વભાવમાં તેનો અભાવ છે એમ જાણતાં જ્ઞાનીને અશુભપરિણામ ઉપર દ્વેષ નથી. જ્ઞાની તો જ્ઞાતા—દ્રષ્ટા છે. જે છે તેને જાણે છે.

શ્રેણિકરાજાને કુણિક ઉપર જરાં દ્વેષ આવી ગયો હતો પણ જાણે છે કે આ ભાવ મારું સ્વરૂપ નથી, પણ ગ્લાનિ કરતાં નથી.

પૂર્ણાનંદ સ્વરૂપ ભગવાન આત્મા જ્યાં દ્રષ્ટિમાં અને અનુભવમાં આવ્યો છે ત્યાં ધર્મીને અશુભભાવની કે અશુદ્ધ પદાર્થોની ગ્લાનિ થતી નથી, દ્વેષ થતો નથી. અશુભપદાર્થ પ્રત્યે ગ્લાનિ ન થવી એ તો સાધારણ વાત છે. મૂળ તો અશુભભાવ પ્રત્યે પણ ગ્લાનિ થતી નથી.

૪. અમૂઢદૃષ્ટિ અંગ :—અવિવેક છોડીને તત્ત્વોનો યથાર્થ નિર્ણય કરવો એ અમૂઢ દૃષ્ટિ અંગ છે.

તત્ત્વના વિષયમાં સૂક્ષ્મ વાતમાં પણ ધર્મીને વિભ્રમ હોતો નથી. વિવેકપૂર્વક તત્ત્વનો યથાર્થ નિર્ણય વર્તે છે. મોક્ષનો નાયક ભગવાન બાદશાહ ચૈતન્યપિંડ જ્યાં અનુભવમાં આવ્યો ત્યાં કોઈ તત્ત્વમાં મૂઢતા ન હોય. ભગવાન આત્મા તો મોક્ષપુરીનો નાથ છે તેને પ્રતીતિમાં લીધો એવા સમકિતવંતને કોઈ ભાવમાં મૂઢતા આવતી નથી.

જુઓ આ સમ્યગ્દર્શન અને તેની સાથે રહેનાર આઠ અંગો !

૫. ઉપગૂહન અંગ :—काहू प्रानीकौ न दोष भाखै। કોઈ જીવનાં દોષને બીજાને કહેતો નથી. આ વ્યવહારથી વાત કરી છે. મૂળ તો પોતાને પર્યાયદૃષ્ટિનો નાશ થયો છે તેથી બીજાનાં પણ નિર્દોષ સ્વભાવને જ જુએ છે, પર્યાયમાં રહેલાં દોષને જોતાં નથી.

૬. સ્થિતિકરણ અંગ :—ધર્મીને રત્નત્રયમાં જરાક્ષ ચંચળતા થતી નથી. જુઓ ! ચોથા ગુણસ્થાનમાં પણ રત્નત્રય કહ્યું ને ! ધર્મીને પોતાના શ્રદ્ધા-જ્ઞાન અને સ્થિરતાના અંશમાં ક્યાંય ચંચળતા હોતી નથી. ....थिति ठानै बोध वितमें। બોધ એટલે જ્ઞાન. પોતાના ચૈતન્યસ્વભાવમાં જ્ઞાની સ્થિર રહે છે. આ તેમનું સ્થિતિકરણ અંગ છે.

૭. વાત્સલ્ય અંગ :—આત્મસ્વરૂપમાં અનુરાગ રાખવો તે વાત્સલ્ય અંગ છે. ધર્મીનો પ્રેમ સ્ત્રી, પુત્ર, મિત્રાદિ ઉપર ચાલ્યો જતો નથી. કેમ કે પોતાના પ્રભુ સાથે પ્રેમ જોડાઈ ગયો છે. પોતાના શુદ્ધ–પવિત્ર સ્વરૂપ પ્રેમ લાગ્યો એ ધર્મીનું વાત્સલ્ય અંગ છે.

૮. પ્રભાવના અંગ :—उठाहकी तरंग उठे। સ્વરૂપના પ્રેમી એવા ધર્મીને સ્વરૂપની સાવધાની-સ્વરૂપના ઉત્સાહના તરંગ ઉઠે છે એ પ્રભાવના અંગ છે.

પોતાના પૂર્ણ શુદ્ધ સ્વભાવના અનુભવીને શુદ્ધસ્વભાવનો જ ઉત્સાહ વર્તે છે. એ જ ખરી પ્રભાવના છે. શુભરાગરૂપ પ્રભાવનાનો તો સ્વભાવમાં અભાવ છે. વ્યવહારની વાત કરે ત્યારે શુભરાગરૂપ પ્રભાવના આવે પણ ખરેખર વ્યવહાર ધર્મીમાં નથી અને ધર્મી વ્યવહારમાં નથી. સ્વભાવ-સન્મુખનો ઉત્સાહ—મોક્ષ-સન્મુખનો ઉત્સાહ ઊઠે છે તે જ ખરી પ્રભાવના છે પણ લોકો બહારની પ્રભાવનામાં જ હોમાય છે. આત્માની પ્રભાવના આત્માની દશામાં હોય કે આત્માથી વેગળી (જુદી) હોય ! શુભરાગ પણ આત્માથી સ્વરૂપે જુદો છે ત્યાં બહારની પ્રભાવનાની ક્રિયા તો તદ્દન જુદી રહી

જાય છે. શુદ્ધ ચૈતન્ય સ્વભાવ તરફ વીર્યનો ઉલ્લાસ ઊઠે તે પ્રભાવના સાચી છે. બહારની પ્રભાવનાનો વિકલ્પ ઊઠે છે તે માત્ર જાણવાલાયક છે.

આત્મા એટલો પહોળો છે કે એક સમયમાં અનંત અનંત ગુણને સાવધાનપણે ઉછાળે--એ તેની પ્રભાવના છે. પ્ર+ભાવના=પ્રભાવના. ભાવના એટલે પોતાની પર્યાય. એ પોતાથી દૂર હોય ! શુભભાવ અને બહારની ક્રિયા તો દૂર છે. બહારની ક્રિયા તો પરદ્રવ્યમાં થાય છે અને શુભરાગ તો આસ્રવતત્ત્વ છે, જીવતત્ત્વ નથી માટે તેમાં ઉત્સાહ થવો તે ઉપાદેય નથી. સ્વરૂપમાં ઉત્સાહ થવો તે ઉપાદેય છે.

एई आठौं अंग जब जागै समकितमें—આત્માના દર્શનની સાથે આઠેય અંગ ઉત્પન્ન થાય છે માટે આવા આઠ અંગ સહિત જે સમકિતી છે તે ખરા સમકિતવંત છે. તે જ ઈષ્ટ એવા મોક્ષને–સિદ્ધપદને પામે છે, ફરી સંસારમાં આવતા નથી.

આ પદ્યનો અર્થ થયો હવે વિશેષ કહે છે.

વિશેષ :—જેવી રીતે શરીરમાં આઠ અંગ હોય છે–'સિર નિતંબ ઉર પીઠ કર, જુગલ જુગલ પદ ટેક, આઠ અંગ યે તન વિષે ઔર ઉપંગ અનેક.' આ આઠેય અંગ પોતાના અંગી અર્થાત્ શરીરથી પૃથક્ થતાં નથી અને શરીર તે અંગોથી પૃથક્ થતું નથી. તેવી જ રીતે સમ્યગ્દર્શનના નિઃશકિત આદિ આઠ અંગ હોય છે તે પોતાના અંગી એવા સમ્યગ્દર્શનથી પૃથક્ થતાં નથી અને સમ્યગ્દર્શન આ આઠ અંગોથી જુદું હોતું નથી–આઠ અંગોનો સમુદાય જ સમ્યગ્દર્શન છે.

'શરીર' હાથ-પગ-પીઠ-હૃદય આદિ અંગોથી જુદું નથી અને અંગો શરીરથી જુદા નથી, તેમ નિશંકતા આદિ આઠ અંગોથી સમ્યક્ દર્શન જુદું નથી અને સમ્યક્-દર્શનથી તે અંગો જુદાં નથી. એક જ વસ્તુ છે. આ આઠેય અંગો નિશ્ચયપ્રધાન છે.

હવે આ નિર્જરા અધિકારના છેલ્લાં કળશમાં ચૈતન્યનટનું નાટક કહે છે.

"ચૈતન્યનટનું નાટક"

पूर्व बंध नासै सो तो संगीतकला प्रकासै,
नव बंध रुंधि ताल तोरत उछरिकै ।
नि:संकित आदि अष्ट अंग संग सखा जोरि,
समता अलाप चारी करै सुर भरिकै ॥
निरजरा नाद गाजै ध्यान मिरदंग बाजै,
छक्यो महानंदमैं समाधि रीझि करिकै ।

सत्ता रंगभुमिमैं मुकत तिहूँ काल,
नाचै सुद्ध दिष्टि नट ग्यान स्वांग धरिकै ॥६१॥

બનારસીદાસે કાંઈ પદ્ય બનાવ્યા છે!! આ પુસ્તક આવતાં લોકો બહુ ખુશી થાય છે. વળી કાગળ મોટાં, પુસ્તક મોટું, દેખાવ સારો. બહુ પુસ્તકની માંગણી આવી છે.

અર્થ :—સમ્યગ્દષ્ટિરૂપી નટ જ્ઞાનનો સ્વાંગ ધારણ કરીને સત્તારૂપ રંગભૂમિમાં મોક્ષ થવાને માટે સદા નૃત્ય કરે છે. પૂર્વબંધનો નાશ તેની ગાયનવિદ્યા છે, નવીનબંધનો સંવર જાણે કે તેના તાલની મેળવણી છે, નિઃશકિત આદિ આઠ અંગ તેના સહચારી છે, સમતાનો આલાપ સ્વરોનું ઉચ્ચારણ છે, નિર્જરાની ધ્વનિ થઈ રહી છે. ધ્યાનનું મૃદંગ વાગે છે, સમાધિરૂપ ગાયનમાં લીન થઈને ખૂબ આનંદમાં મસ્ત છે.

પદ્યના છેલ્લા શબ્દનો અર્થ પહેલાં લીધો છે કે સમ્યગ્દષ્ટિ નટ જ્ઞાનનો સ્વાંગ લઈને પોતાના હોવાપણામાં શુદ્ધ દ્રવ્ય, ગુણ, પર્યાયમાં સદા નાચે છે. શા માટે?—કે મોક્ષ થવા માટે. આ નટ વ્યવહારમાં કે રાગમાં નાચતો નથી. નિર્મળપર્યાયમાં નાચે છે. સમકિત પોતે પર્યાય છે. જ્ઞાનનો સ્વાંગ ધર્યો છે તે પણ પર્યાય છે.

શુદ્ધ ચૈતન્યવસ્તુનો અનુભવ થયો, પછી તે જ્ઞાનીજીવ પોતાના હોવાપણામાં જ નાચે છે. પોતાની સત્તાથી બહાર આવતો જ નથી. આગળ મોક્ષ-અધિકારમાં આવશે કે પોતાની સત્તામાં રહે તે સાહુકાર છે અને સત્તાથી બહાર જાય છે તે ચોર છે. દ્રવ્યે શુદ્ધ, ગુણે શુદ્ધ અને પર્યાયે પણ શુદ્ધ એવું પોતાનું હોવાપણું છે તેને જ જ્ઞાની અનુભવ્યા કરે છે. તેમાં પૂર્વબંધનો નાશ થાય છે તે ગાયનવિદ્યા છે. નાચનાર હોય તે ગાયન પણ ગાય ને!

વડોદરામાં અમે નાનપણમાં 'અનસૂયા' સતીનું બહુ વૈરાગ્યવાળું નાટક જોયું હતું. તેમાં માતા બાળકને સુવડાવતી વખતે હાલરડાં ગાય છે. બેટા! શુદ્ધોસિ, બુદ્ધોસિ, નિર્વિકલ્પોસિ, ઉદાસીનોસિ; બાળકને પહેલેથી આવા સંસ્કાર પાડવા જોઈએ. શાસ્ત્રમાં આવે છે કે 'શાસ્ત્રથી જ્ઞાન થતું નથી' તો કોઈને એમ લાગે છે કે હજુ તો શાસ્ત્ર ભણવા બેસીએ ત્યાં પહેલેથી આવી વાત શીખવાની?—હા. શાસ્ત્ર પોતે જ્ઞાન નથી તેથી જેમાં જ્ઞાન ન હોય તેનાથી જ્ઞાન કેમ થાય? વળી શાસ્ત્ર તો પર છે તેના નિમિત્તે જે જ્ઞાન થાય છે તે તો પોતાથી થાય છે. છતાં તે વાસ્તવિક જ્ઞાન નથી. ચૈતન્યના અંતરલક્ષે જે જ્ઞાન થાય છે તે જ વાસ્તવિકજ્ઞાન છે પણ એટલું લાંબુ ન કહેતાં શાસ્ત્રથી થયેલું જ્ઞાન પોતાનું છે અને સાચું છે માટે તેનું અવલંબન લઈને

અંતરલક્ષ કરનારને સમ્યગ્જ્ઞાન થાય છે. તેથી શાસ્ત્રજ્ઞાનને પણ જ્ઞાન કહ્યું છે—એવી શૈલી લીધી છે.

શાસ્ત્રની શૈલી આવી છે તેથી જ સમ્યગ્જ્ઞાન દીપિકામાં કહ્યું છે કે જેમ હાથીને ચાવવાના અને દેખાવના એમ બે જાતના દાંત હોય છે તેમ શાસ્ત્રમાં નિશ્ચયના અને વ્યવહારના એમ બે જાતના કથનો હોય છે.

અહીં હમણાં નાટક કરનારની મંડળીને લાવીને 'ટોડરમલજીનું નાટક કર્યું હતું.' પણ તેમાં ટોડરમલજીની વાત તો થોડી અને છોકરીયોના નાચ—ગાન વધારે—અરે ! કીધું આ શું ! આમાં તો ટાઈમ બગડે છે. ટોડરમલજીનું નાટક છે તેમાં તેમની સ્થિતિની પૂરી વાત આવવી જોઈએ ને ! નાચ—ગાનનું શું કામ હોય ! આ તો ધાર્મિક સ્થાન છે. અહીં તો શ્રદ્ધા—જ્ઞાન અથવા વૈરાગ્યની વાત જેમાં હોય એવા જ નાટક હોઈ શકે. આ બે—શ્રદ્ધા જ્ઞાન અને વૈરાગ્ય સિવાય નાચ—ગાનની વાત અહીં ન હોય. કોઈ વળી બચાવ કરતું હતું કે ''એ તો આપની ભક્તિ કરતાં હતાં' અરે ! ભક્તિનું અહીં ક્યાં કામ છે ! ટોડરમલજીની સ્થિતિ પૂરી બતાવવી જોઈએ. એ તો બહુ થોડું આવ્યું અને આ બધું જ વધી ગયું. નાચ—ગાન તો નટલોકો કરે તેમાં શું જોવાનું છે !

અહીં તો કહે છે આ સમકિતીનટના નાચમાં નિઃશકિત આદિ મિત્રો તેના સહચારી છે—સખી છે—જોડી છે અને સમતા...નિર્વિકલ્પતા...વીતરાગતા—એવા સ્વરોનું ઉચ્ચારણ છે. સમકિતીનટના નાટકમાં આવું બધું હોય. નિર્જરાની ધ્વનિ હોય. અશુદ્ધતા ટાળે છે. ધ્યાનરૂપી મૃદંગ દ્વારા સ્વરૂપમાં એકાગ્રતા થઈ રહી હોય છે. સમાધિ—રાગરહિત એકાગ્રતાની શાંતિના ગાયનમાં લીન એવા સમકિતી મહા આનંદમાં મસ્ત થઈ જાય છે. સમકિતી હંમેશા પોતાની સત્તાભૂમિમાં આવા સ્વાંગ રચીને આનંદ કરતાં કરતાં મોક્ષ પામે છે.

હવે આ સાતમા નિર્જરા અધિકારનો સાર કહે છે.

સંસારી જીવ અનાદિકાળથી પોતાનું સ્વરૂપ ભૂલેલાં છે. નિર્જરાનો અનુભવ તો કદી કર્યો નથી તેથી અનાદિથી દુઃખી છે. સ્વરૂપનું અજ્ઞાન હોવાથી તેને પ્રથમ તો આત્મહિત કરવાની ભાવના જ થતી નથી. જુઓ ને ! મનુષ્યભવમાં જન્મે, પછી બાળપણ તો નકામું જાય, યુવાની આવે પરણે બાળકો થાય, દુકાન સરખી ચાલે, ઉદ્યોગતિ નામ થાય અને અંતે મરી જાય—આમાં આત્મહિતની તો ભાવના પણ થતી નથી. મારું શું થશે, મારું હિત કેમ થાય તેની તો ચિંતા જ નથી અને બહારની હોળીમાં સમય વીતાવી દે છે.

જો કોઈવાર આત્મહિતના વિષયમાં પ્રયત્ન પણ કરે છે તો સાચો માર્ગ નહિ મળવાથી ઘણું કરીને વ્યવહારમાં લીન થઈને સંસારને જ વધારે છે. દયા પાળવી, વ્રત પાળવા, તપસ્યા કરવી, જાત્રા કરવી, એ બધાં વ્યવહારમાર્ગ-બંધમાર્ગ છે. ધર્મના નામે શુભરાગ કરીને સંસાર વધારે છે. ક્રિયામાં એકાકાર થઈને અનંતકર્મનો બંધ કરે છે. લખાણ પણ એવા લખે કે એકવાર યાત્રા કરે તે ભવથી પાર થઈ જશે.

અહીં તો કહે છે કે ત્રણલોકના નાથ તીર્થંકરની યાત્રા અનંતવાર કરે તોપણ ભવનો નાશ ન થાય. ભક્તિપૂર્વક શુભભાવનાથી યાત્રા કરે તોપણ શુભબંધ થાય–બંધનો અભાવ ન થાય. વ્યવહારની ક્રિયામાં રોકાવું, ધર્મપ્રભાવનાના કાર્યમાં રોકાવું, શાસ્ત્રો બનાવવામાં રોકાવું–એમાં ધર્મ ક્યાંય ન આવ્યો. સત્યમાર્ગનો ઉપદેશ સાંભળીને સમજવાનું તો એમાં ક્યાંય આવ્યું નહિ, ઊલટું ક્રિયાને મારી માનીને અનંતકર્મ વધારે છે.

સમ્યગ્જ્ઞાનરૂપી ખીલાનો સહારો મળતાં ગૃહસ્થમાર્ગ અને પરિગ્રહ–સંગ્રહની ઉપાધિ હોવા છતાં પણ જીવ સંસારની ચક્કીમાં પીસાતો નથી. સમ્યગ્જ્ઞાનમાં, જ્ઞાન વિકલ્પથી ભિન્ન પડી ગયું છે અને બહારની ક્રિયાથી તો ભિન્ન છે જ. તેથી ગૃહસ્થાશ્રમમાં હોવા છતાં પુણ્ય-પાપની ચક્કીની ભીંસમાં એ ભીંસાતો નથી. શુભાશુભ વિકલ્પથી હું જુદો છું એવું ભાન થયું છે તેથી શુભાશુભમાં એ પીલાતો નથી અને બીજાને પણ જગતની જાળમાંથી છૂટવાનો રસ્તો બતાવે છે. જ્ઞાની ઉપદેશમાં પણ 'તું પરથી છૂટો છો અને છૂટો થા' એમ ઉપદેશે છે અને છૂટવાનો ઉપાય બતાવે છે. પોતે રાગ અને નિમિત્તથી છૂટો પડી ગયો છે અને છૂટા સ્વભાવના ભાનમાં વર્તે છે તેથી બીજાને પણ એ જ વાત કરે છે. 'રાગ કર! રાગથી લાભ થશે! રાગથી મોક્ષ થશે'–એવો ઉપદેશ ધર્મી કરતાં નથી.

માટે, મુક્તિનો ઉપાય જ્ઞાન છે, બાહ્ય આડંબર નહિ. અંતર-સ્વરૂપની શ્રદ્ધા, અંતરનું જ્ઞાન અને જ્ઞાનમાં એકાગ્રતા એ મુક્તિનો ઉપાય છે. બીજો કોઈ ઉપાય નથી.

(ક્રમશઃ)

# પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રીની ગુરુભક્તિપૂર્ણ આધ્યાત્મિક તત્ત્વચર્ચા

**પ્રશ્ન :—** *'આનંદનો દિવસ' એમાં આપે જે લખ્યું છે કે 'ચૈતન્ય ભગવાન પોતાના નિર્વિકલ્પ સ્વરૂપમાં ખેલી રહ્યા હતા,—રમી રહ્યા હતા' આ વાક્ય તો કોઈ ગજબનું છે!*

**સમાધાન :—** વસ્તુ ઉપર દૃષ્ટિ સ્થાપતાં પર્યાયમાં આત્મા રમતો પ્રગટ થાય છે. અનંતગુણસાગર આત્મા છે તે કોઈ જુદો જ છે, અદ્‌ભુત છે, ચમત્કારિક છે. સ્વાનુભૂતિમાં વિચારવું નથી પડતું કે ગોખવું નથી પડતું. પોતાના સ્વભાવમાં જ રમતો તે પ્રગટ થાય છે. કેમકે તે તેનો સ્વભાવ જ છે. તેનો રમ્ય—રમતો સ્વભાવ છે. વિકલ્પ છૂટતાં સહજ પ્રગટ થાય એવો જ તેનો સ્વભાવ છે. અનંતગુણ-પર્યાયમાં રમવું તે આત્માનો સહજ સ્વભાવ છે. મૂળ વસ્તુ પોતે પોતારૂપે રહીને પોતાના ગુણ-પર્યાયમાં રમે છે. તે તેનો સ્વભાવ જ છે.

**પ્રશ્ન :—** *પ્રતિજ્ઞા લઈને અહીં કેટલાં વર્ષો વીતી ગયાં, છતાં અંદરમાં કાર્ય થયું નથી? તો આગળ કેમ વધવું?*

**સમાધાન :—** આત્માના હેતુએ પ્રતિજ્ઞા લીધી છે તે સારી વાત છે. તેમાં હવે આગળ વધવાનું છે. જે જિજ્ઞાસુ હોય તેની ભાવના કાંઈ નિષ્ફળ થોડી જવાની છે? ફળવાની છે. પોતાના આત્માના ધ્યેયે પ્રતિજ્ઞા લીધી છે તેમાં સમ્યગ્દર્શનનો પુરુષાર્થ થાય તે સારી વાત છે—નહિ તો ઊંડાં સંસ્કાર પડે તે પણ લાભનું કારણ છે. શાસ્ત્રમાં આવે છે કે કરી શકે તો ધ્યાનમય પ્રતિક્રમણ કરજે અને ન બની શકે તો કર્તવ્ય છે કે શ્રદ્ધા કરજે, શ્રદ્ધામાં ફેરફાર કરીશ નહિ. શ્રદ્ધાનું બળ બરાબર રાખે તો આગળ જવાશે. જ્ઞાયકના માર્ગ સિવાય બીજો કોઈ માર્ગ નથી. ક્રિયાકાંડનો કોઈ માર્ગ નથી, માર્ગ અંતરનો છે. જ્ઞાયકની શ્રદ્ધા કરવી, ભેદજ્ઞાન કરવું, દ્રવ્ય ઉપર દૃષ્ટિ કરવી એટલે કે શરીર અને વિકલ્પથી પોતાનો સ્વભાવ જુદો છે, એમ જ્ઞાયકને તારવી લેવો. તે એક જ માર્ગ છે, બીજો કોઈ માર્ગ નથી. બધા વિભાવથી પોતે જુદો છે, વિભાવ પોતાનો સ્વભાવ જ નથી એમ ભેદજ્ઞાનની નિરંતર ધારા કરવા જેવી છે. દેવ-ગુરુએ જે બતાવ્યું છે તે કરવાનું છે. દેવ-ગુરુની શ્રદ્ધા અને આત્માની શ્રદ્ધા કરજે.

દેવ-ગુરુનું સાન્નિધ્ય મળ્યું તે મહાભાગ્યની વાત છે. તેમની મહિમા કરવી ને જ્ઞાયકની મહિમા કરવી. જ્ઞાયક મહિમાવંત છે, તેના ઊંડા સંસ્કાર નાખજે. પરિણતિ

પ્રગટ થાય તો સારી વાત છે, નહિ તો શ્રદ્ધા કર્તવ્ય છે. ગુરુદેવના પ્રતાપે આત્માનું કલ્યાણ કરવા (અહીં) બધા ભેગા થઈ ગયા છે.

આ ભવમાં બધી તૈયારી કરી લેવી અને પુરુષાર્થ કરવો. ગુરુદેવની દેશનાલબ્ધિ મળી છે તો એવાં ઊંડાં બીજડાં નાખવાં કે તરત ફાલી જાય.

**પ્રશ્ન :—** *જ્ઞાતાધારા દ્રવ્યના આશ્રયે પ્રગટ થાય, તો તે 'આશ્રય'નો ભાવ શું છે તે કૃપા કરી સમજાવશો.*

**સમાધાન :—** આશ્રય એટલે પોતાના ચૈતન્યનું અસ્તિત્વ ગ્રહણ કરવું. આ ચૈતન્ય હું છું, આ વિભાવાદિ હું નથી, એમ પોતાના અસ્તિત્વને ગ્રહણ કરીને તેમાં સ્થિર ઊભા રહેવું. વિભાવથી દૃષ્ટિ ઉઠાવી ચૈતન્યમય જ્ઞાયકનું જે અસ્તિત્વ છે તે જ હું છું એમ પોતાના જ્ઞાનસ્વભાવને ગ્રહણ કરે. આ વિભાવની સાથે જે જ્ઞાન છે તે વિભાવમિશ્રિત જ્ઞાન હું નહિ, પણ એકલું જે જ્ઞાન છે તેને જ્ઞાનલક્ષણ દ્વારા ગ્રહણ કરે. જ્ઞાનથી ભરેલું ચૈતન્ય દ્રવ્ય તે જ હું છું એમ પોતાના અસ્તિત્વને ગ્રહણ કરી, તેમાં દૃષ્ટિને સ્થાપે અને તેમાં લીનતા કરે. આ રીતે તેનું આલંબન દ્રવ્ય જ છે, બીજું કોઈ નથી. ભગવાને અને ગુરુદેવે બતાવ્યું છે કે જે કોઈ મોક્ષે ગયા છે તે બધા આ એક જ ઉપાયે ગયા છે, બીજો કોઈ ઉપાય નથી. વિભાવની પરિણતિ બહારમાં જાય તો વારંવાર ચૈતન્યનું અસ્તિત્વ ગ્રહણ કરે, કે જ્ઞાયક તે હું.

જ્ઞાનગુણ એવો અસાધારણ છે કે તે લક્ષમાં–ખ્યાલ આવે છે. બીજા કેટલાક ગુણો પણ અસાધારણ છે, પરંતુ તે ખ્યાલમાં આવતા નથી. તેથી જ્ઞાન લક્ષણ મુખ્ય છે. બીજા પદાર્થમાં જાણવાનું લક્ષણ નથી, જાણવાનું લક્ષણ એક આત્મામાં છે. તેથી જાણવાના લક્ષણ ઉપરથી પોતાનું અસ્તિત્વ ગ્રહણ કરે કે આ જાણવાનું જે લક્ષણ છે તે લક્ષણવાળો હું ચૈતન્ય છું. તે જ્ઞાનની સાથે જીવમાં અનંતગુણ પણ છે તેથી જ્ઞાનગુણથી આખો આત્મા ગ્રહણ કરે. આનંદગુણ–સુખગુણ પણ તેમાં છે, પણ તે આનંદ એવો વિશેષગુણ નથી કે જેથી દ્રવ્ય પકડાય. જ્ઞાન જ એવો વિશેષ અસાધારણ સ્વભાવ છે કે તેનાથી આત્મા ગ્રહણ થઈ શકે છે. આ બહારનું જાણ્યું, આ જ્ઞેયને જાણ્યું, આ જાણ્યું તે જ્ઞાન એમ નહિ પણ તે જ્ઞાન ક્યાંથી આવે છે? તે જ્ઞાનનો ધરનારો કોણ છે? જ્ઞાનનું અસ્તિત્વ કયા દ્રવ્યમાં રહેલું છે? એમ તે દ્રવ્યને ગ્રહણ કરે. જ્ઞેયાશ્રિત જ્ઞાન હું નહિ, પરંતુ હું સ્વયં જ્ઞાનસ્વરૂપ છું, જ્ઞાનનો ધરનારો ચૈતન્ય છું એમ તેને ગ્રહણ કરવો.

**પ્રશ્ન :—** *સ્વાનુભૂતિનું અંતરંગ સ્વરૂપ કેવું હોય?*

**સમાધાન :—** તે અંતરંગ સ્વરૂપ વાણીમાં (પૂરું) આવતું નથી. વિકલ્પ છૂટીને અંતરમાં આનંદનું વેદન આવે તે પોતે જ અનુભવી શકે છે. અનંતગુણથી ભરેલો આત્મા છે તેમાં તેનો ઉપયોગ સ્વાનુભૂતિ થતાં લીન થઈ જાય છે અને વિકલ્પ છૂટી જાય છે. વિકલ્પની આકુળતા છૂટીને ઉપયોગ સ્વરૂપમાં જામી જાય એવી સ્વાનુભૂતિ વચનમાં અમુક પ્રકારે આવે છે, બાકી તો જે વેદે તે જાણી શકે છે. તે દશા થતાં આખી દિશા બદલાઈ જાય છે. જે બહારની–વિભાવની દિશા હતી તે પલટાઈને સ્વભાવની દિશામાં, વિકલ્પ છૂટીને નિર્વિકલ્પ એવી–કોઈ જુદી દુનિયામાં– ચાલ્યો જાય છે. આ વિભાવની દુનિયામાં નહિ, પણ અલૌકિક દુનિયામાં તે ચાલ્યો જાય છે અને સ્વભાવમાં તલ્લીન–એકદમ લીન થઈ જાય છે. સ્વાનુભૂતિમાં જેવો સ્વભાવ છે તેવી જાતની પરિણતિ થઈ જાય છે. તે અનુભૂતિ વેદનમાં આવે છે તેથી જાણી શકાય છે, વેદી શકાય છે પણ કહી શકાય નહિ. આનંદથી–જ્ઞાનથી ભરેલો ચૈતન્ય ચમત્કારી દેવ પોતે બિરાજે છે તેની સ્વાનુભૂતિ થાય છે. જેવો સિદ્ધભગવાનને આનંદ છે તેનો અંશ સ્વાનુભૂતિમાં આવે છે. તે વખતે અનુપમ ગુણનો ભંડાર, અનુપમ આનંદથી ભરેલો આત્મા અનુપમ આનંદનું વેદન કરે છે. વિભાવદશામાં આનંદ નથી કેમકે તેમાં જ્ઞાન આકુળતાવાળું છે. જ્યારે સ્વાનુભૂતિમાં નિરાકુળ સ્વરૂપ આત્મા અનુપમ આનંદથી ભરેલા એવા પોતાના આત્માનું વેદન કરે છે.

**પ્રશ્ન :—** *શુદ્ધતા ત્રિકાળ દ્રવ્યમાં રહે છે અને અશુદ્ધતા પર્યાયમાં રહે છે. તો શું દ્રવ્ય ને પર્યાય એવી સીમાવાળા બે ભાગ દ્રવ્યમાં છે ?*

**સમાધાન :—** દ્રવ્ય જે મૂળ વસ્તુ છે, તેમાં અશુદ્ધતા પેસી જાય તો દ્રવ્યના સ્વભાવનો નાશ થઈ જાય. મૂળ વસ્તુમાં કાંઈ અશુદ્ધતા પેસતી નથી, અશુદ્ધતા ઉપર ઉપર રહે છે. જેમ સ્ફટિક નિર્મળ છે તેની અંદરમાં લાલ-પીળું પેસી જાય તો સ્ફટિક જ રહે નહિ. પણ લાલ-પીળું ઉપર-ઉપરનાં પ્રતિબિંબો છે. સ્ફટિકમાં પ્રતિબિંબો ઉપર ઉપર રહે છે, પણ અંદરમાં પેસતાં નથી, મૂળમાં–તળમાં પ્રતિબિંબ જતું નથી. તેમ દ્રવ્ય પોતે શુદ્ધ રહે છે અને પર્યાય ઉપર-ઉપર રહીને તેમાં બધી મલિનતા થાય છે. આ મલિનતા અનાદિના કર્મનો સંયોગ અને પુરુષાર્થની નબળાઈને લઈને થાય છે. તેમાં મૂળ વસ્તુમાં શુદ્ધતા રહે છે અને પર્યાયમાં અશુદ્ધતા થાય છે. અનાદિથી વસ્તુ એવી છે. જેમ પાણી સ્વભાવે નિર્મળ છે, તેમાં કાદવના નિમિત્તે મલિનતા થાય છે. તો પણ મૂળમાંથી શુદ્ધતા જતી નથી. બધી મલિનતા ઉપર ઉપર થાય છે. મૂળ વસ્તુ છે તેમાં અશુદ્ધતા પેસતી નથી ઉપર ઉપર રહે છે, તો પણ અજ્ઞાની માની લે છે કે

મારામાં અશુદ્ધતા પેસી ગઈ છે. આવી રીતે બે ભાગ છે કે દ્રવ્ય એ તેનું મૂળ તળ છે અને ઉપર ઉપર પર્યાયો છે. જ્ઞાયક સ્વભાવ એવો છે કે તેના મૂળમાં અશુદ્ધતા થતી નથી, પણ તેની પરિણતિ અશુદ્ધરૂપે થાય છે અને એને પલટાવી શકાય છે.

મુમુક્ષુઃ—મલિનતા ઉપર ઉપર છે, પણ દ્રવ્ય જ હાથમાં નથી આવતું?

બહેનશ્રીઃ—મૂળ તળ હાથમાં આવી જાય તો બધું સહેલું છે, બધા વિભાવભાવ ઉપર ઉપર તરે છે, તેથી મૂળ આત્માને જાણે કે હું અધિક (બધાથી જુદો) જ્ઞાયક છું. જ્ઞાયક પોતે જ છે, બીજો નથી કે જેથી તેને (જાણવું) દુષ્કર પડે. પોતે પોતાથી પોતાને ભૂલ્યો છે તો હવે પોતા તરફ પરિણતિ વળે તો મલિનતા છૂટી જાય અને ભેદજ્ઞાન થાય.

**પ્રશ્ન :—** *આટલી આટલી ધગશ હોવા છતાં વર્તમાનમાં કાર્ય થતું દેખાતું નથી—તો શું આ ધગશ ભાવિમાં કાર્યકારી થશે કે નહિ?*

**સમાધાન :—** પોતાના ઊંડા સંસ્કાર હોય તો ભાવિમાં કાર્યકારી થાય. પોતે કારણ યથાર્થ આપ્યું હોય તો કાર્ય થાય જ, પણ કારણ ઉપર ઉપરથી આપે તો કાર્ય ન થાય. પોતે અંદરથી આ કરવું જ છે, આ કર્યે જ છૂટકો છે, એવા ઊંડા દૃઢ સંસ્કાર નાખે તો ભાવિમાં કાર્યકારી થયા વગર રહે જ નહિ. જો તેને યથાર્થ દેશના ગ્રહણ થઈ હોય તો ગમે ત્યારે અંદરથી પલટો ખાધા વગર રહેતો જ નથી. કોઈને વહેલું થાય ને કોઈને મોડું થાય, પણ તેને અનંતકાળ ન હોય. જેને ઊંડી રુચિ થઈ તેને કાળ મર્યાદિત થઈ જાય છે, સંસાર પરિત થઈ જાય છે.

**પ્રશ્ન :—** *મુનિરાજ મુનિપણાની મર્યાદા છોડી વિશેષ બહાર જતા નથી, મર્યાદા છોડી વિશેષ બહાર જાય તો પોતાની મુનિદશા જ ન રહે. તો મુનિરાજની કેવી મર્યાદા હોય?*

**સમાધાન :—** મુનિરાજ પોતાની મુનિદશાની મર્યાદા છોડી બહાર જતા નથી, આત્મામાં સાતમા ગુણસ્થાને અંતર્મુહૂર્તે અંદર જાય ને બહાર આવે, પાછા અંદર જાય ને બહાર આવે. તેઓ બહાર આવે ત્યારે દેવ-શાસ્ત્ર-ગુરુ વગેરેના શુભ વિકલ્પ હોય છે. છતાં તેમાં પણ ઝાઝીવાર રોકાતા નથી, તરત અંતરમાં ચાલ્યા જાય છે. અંદર ક્ષણે ક્ષણે છઠ્ઠા-સાતમા ગુણસ્થાનમાં ઝૂલતા હોય છે. વિકલ્પની દશામાં—શુભભાવમાં ઝાઝીવાર રોકાતા નથી. તેઓ શાસ્ત્ર લખે છે તેમાં એટલો બધો રસ ન ચડી જાય કે સાતમું ગુણસ્થાન ન આવે. મુનિરાજને જ્ઞાયકધારા તો નિરંતર ચાલુ જ હોય છે પરંતુ શાસ્ત્ર રચતા હોય, ભગવાનનાં સ્તોત્ર રચતા હોય, ભગવાનનાં સ્તોત્ર બોલતા હોય કે ઉપદેશ દેતા હોય તે બધામાં એવો રસ ન લાગી જાય કે આત્મામાં લીનતા કરવાનું

છૂટી જાય. મુનિપણાની મર્યાદા છૂટે એમ ન બને. વિકલ્પ વખતે પણ મુનિના પંચમહાવ્રતનાં જે કાર્યો હોય તેની મર્યાદામાં ઊભાં હોય. ગૃહસ્થનાં કાર્યો હોય તેવાં કાર્યોમાં તેઓ જોડાય નહિ. ગૃહસ્થો સાથે વિશેષ વાતો કરવી, કોઈ કાર્યમાં જોડાવું, કોઈ વ્યવસ્થામાં જોડાવું—એવું કાર્ય મુનિને હોતું નથી. જો આવું કાર્ય કરે તો તેમની મુનિદશા છૂટી જાય. શુભભાવમાં વિશેષ રોકાતા નથી. અંદર શુભનો રસ લાગી જાય અને અપ્રમત્તદશા ન આવે એવું બનતું નથી.

શાસ્ત્રમાં આવે છે કે તમે બધાનો (શુભાશુભ બંને ભાવોનો) નિષેધ કરો છો તો મુનિ કોના આશ્રયે મુનિપણું પાળશે ? ત્યાં કહ્યું છે કે મુનિ કાંઈ અશરણ નથી, તેમને આત્માનું શરણ છે. તેઓ આત્માના અમૃતમાં નિરંતર લીન છે, તેમને આત્માનું જ શરણ છે. બહાર શુભભાવો આવે તે બધાનો નિષેધ છે તો મુનિપણું કોના આધારે પાળશે ? મુનિઓ વારંવાર—વારંવાર (અંતર્મુહૂર્તે—અંતર્મુહૂર્તે) સ્વરૂપમાં જાય છે ને તેના આધારે મુનિપણું પાળે છે. મુનિદશા એવી છે કે શુભમાં વધારે રોકાય અને અપ્રમત્તદશા ન આવે તો મુનિદશા છૂટી જાય છે. મર્યાદા છૂટે નહિ એવા યોગ્ય શુભભાવો મુનિને હોય છે, ગૃહસ્થને તેને યોગ્ય હોય છે અને સમ્યગ્દષ્ટિને તેને યોગ્ય ભાવ હોય છે. એવી મર્યાદા છે. મુનિરાજ છઠ્ઠા-સાતમા ગુણસ્થાનમાં ઝૂલતા હોય છે અને પછી શ્રેણી માંડે છે. કોઈ તે ભવે મોક્ષ જાય છે અને કોઈ પછી મોક્ષ જાય છે. એવી મુનિની દશા છે.

**પ્રશ્ન :—** *શ્રીમદ્‌માં આવે છે કે પાત્રતા માટે વિશેષ પ્રયત્ન રાખવો. તો તે પાત્રતાનું શું સ્વરૂપ છે ?*

**સમાધાન :—** આત્માને ગ્રહણ કરવા પોતાની વિશેષ પાત્રતા હોવી જોઈએ. કોઈ જાતની અન્યમાં તન્મયતા ન થાય, આત્માની મહિમા છૂટીને બહારની કોઈ મહિમા ન આવે, બહારની કોઈ વસ્તુ આશ્ચર્યભૂત ન લાગે, એક પોતાનો આત્મા જ આશ્ચર્યકારી ને સર્વોત્કૃષ્ટ લાગે, આત્મા કરતાં કોઈ ચીજની મહિમા વધી ન જાય, દેવ-શાસ્ત્ર-ગુરુ અને એક આત્મા તેના કરતાં બીજું કાંઈ વિશેષ લાગે નહિ, એવી પાત્રતા હોવી જોઈએ. બહારના નિષ્પ્રયોજન પ્રસંગોમાં કે કષાયોના રસમાં વિશેષ એકત્વ—તન્મય થઈ જાય, તે બધું આત્માર્થીને—પાત્રતાવાળાને ન હોય. જેને આત્માનું પ્રયોજન છે તેને પર સાથેનું એકત્વ મંદ પડી જાય છે,—અનંતાનુબંધીનો બધો રસ મંદ પડી જાય છે.

આત્માર્થીને તત્ત્વ કેમ ગ્રહણ થાય ? તે જાતની જિજ્ઞાસા રહ્યા કરે છે. તેને

બહારમાં ક્યાંય વિશેષ તન્મયતા થઈ જતી નથી. આત્માની મુખ્યતા છૂટીને ક્યાંય સંસારી કાર્યોમાં વિશેષ,–વધારે પડતો રસ આવી જતો નથી. તેને આત્માનું જ પ્રયોજન રહે છે. એવી તેની પાત્રતા હોય છે.

શ્રીમદ્‌જીમાં આવે છે ને ? કે વિશાળબુદ્ધિ, મધ્યસ્થતા, સરળતા ને જિતેન્દ્રિયપણું તે બધું તત્ત્વ પામવાનું ઉત્તમ પાત્ર છે. આત્માર્થી ક્યાંય રાગમાં ખેંચાય નહિ, અને દ્વેષમાં ખેદાય નહિ, બધામાં મધ્યસ્થ રહે. તેને બધા રાગ-દ્વેષ છૂટી નથી જતા, પણ બધો રસ છૂટી જાય છે, બધું મર્યાદામાં આવી જાય છે. સમ્યગ્દર્શન થાય એટલે બધાથી જુદો પડી જાય અને તેને તો બધું મર્યાદામાં આવી જાય છે. જ્ઞાનીને અનંતાનુબંધીનો રસ છૂટી ગયો છે, બધાથી ન્યારો થઈ ગયો છે અને ભેદજ્ઞાન છે તેને લઈને વધારે પડતો જોડાતો નથી, એકત્વ થતો નથી, પણ જુદો જ રહે છે. તેને જ્ઞાયકતાની ધારા ચાલે છે. પાત્રતાવાળો પણ આત્મા પ્રગટ કરવો છે એટલે બધેથી રસ તોડે છે ને ક્યાંય વિશેષ તન્મય થતો નથી. કોઈ વિકલ્પોમાં કે કોઈ બહારનાં કાર્યોમાં કે કોઈપણ જાતના ઘર-કુટુંબ વગેરેમાં તે વિશેષ તન્મય થતો નથી. ''કષાયની ઉપશાંતતા, માત્ર મોક્ષ અભિલાષ'' માત્ર મુક્તિની–મોક્ષની અભિલાષા તેને રહે છે. દરેક કાર્યમાં આત્માનું જ પ્રયોજન તેને રહે છે.

મુમુક્ષુઃ—જેને આત્માનું પ્રયોજન મુખ્ય છે તેને સાથે મધ્યસ્થતા, જિતેન્દ્રિયપણું આદિ બધાનો મેળ હશે ?

બહેનશ્રીઃ—તે બધાનો મેળ હોય છે, જિતેન્દ્રિયતા–સરળતા આદિ બધું હોય છે. જેને આત્માનું પ્રયોજન હોય તે પોતાનાં આંતરિક પરિણામ સમજી શકે છે, તેથી વધારે પડતો ક્યાંય લેપાતો નથી, આત્માને છોડીને ક્યાંય વિશેષ રસ આવતો નથી અને તેને પોતાનો આત્મા જ સર્વોત્કૃષ્ટ રહે છે. પોતાને આત્મા ન મળે ત્યાં સુધી મને આત્મા કેમ મળે તેવી ભાવના રહે છે, આ બધું નિઃસાર લાગે છે, ક્યાંય વિશેષ રસ આવતો નથી અને આત્માનું જ કરવા જેવું ભાસે છે. તે જીવ બધો વિચાર કરી આ જ્ઞાનસ્વભાવ તે જ હું છું તેમ નિર્ણય કરે છે. નિર્ણય કર્યો હોય, પણ અંદરથી જો રુચિ મંદ પડી જાય તો નિર્ણયમાં ફેર પડી જાય છે. પરંતુ જો પુરુષાર્થ, આત્મા તરફની જિજ્ઞાસા–ભાવના–લગની એવી ને એવી હોય તો નિર્ણયમાં ફેર પડતો નથી. દરેક ઠેકાણે પુરુષાર્થ તો હોય જ છે. સમ્યગ્દર્શન પ્રાપ્ત થયા પછી સાધકદશામાં પણ નિરંતર પુરુષાર્થ હોય છે, તો જેને આત્માની રુચિ થઈ તેને પણ પુરુષાર્થ તો સાથે જ હોય. જેણે અંતરમાંથી નક્કી કર્યું કે આત્માનું જ કરવા જેવું છે, તેનો નિર્ણય ફરતો નથી. *

[તા. ૭-૭-૨૦૦૧]

# સુવર્ણપુરી સમાચાર

—તંત્રી

અધ્યાત્મતીર્થક્ષેત્ર શ્રી સુવર્ણપુરીનું ધાર્મિક વાતાવરણ, અનંત-ઉપકારમૂર્તિ પરમ પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામી તેમ જ તેમના પરમ ભક્ત પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનના કલ્યાણવર્ષી પુણ્ય-પ્રતાપે, આદરણીય પં. શ્રી હિંમતલાલભાઈ જે. શાહના જ્ઞાન-વૈરાગ્ય ભક્તિભીના મધુર તત્ત્વાવધાનમાં, અધ્યાત્મજ્ઞાનના પાવન ગુંજારવથી સદાય પ્રફુલ્લિત રહે છે, તેમ જ નીચે પ્રમાણે ધાર્મિક કાર્યક્રમ પ્રતિદિન નિયમિત ચાલી રહ્યો છે:—

| | |
|---|---|
| પ્રાતઃ | : પૂજ્ય બહેનશ્રીના નિવાસસ્થાને તેઓશ્રીની ધર્મચર્ચાની ઓડિયો-ટેપ |
| પ્રાતઃ | : જિનેન્દ્ર-દર્શન-પૂજા |
| સવારે ૮-૩૦ થી ૯-૩૦ | : શ્રી પ્રવચનસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું ટેપ-પ્રવચન |
| બપોરે ૩-૩૦ થી ૪-૩૦ | : શ્રી સમયસાર ઉપર શાસ્ત્ર વાંચન |
| બપોરે પ્રવચન પહેલાં | : પરમ પૂજ્ય ગુરુદેવશ્રી પ્રત્યે ઉપકૃતભાવભીની સ્તુતિ |
| બપોરે પ્રવચન પછી | : પૂજ્ય બહેનશ્રીના ચિત્રપટ સમક્ષ સ્તુતિ |
| બપોરે ૪-૪૫ થી ૫-૧૫ | : જિનેન્દ્રભક્તિ |
| સાંજે ૮-૦૦ થી ૯-૦૦ | : 'શ્રી નાટક-સમયસાર' ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું ટેપ-પ્રવચન |

★ **રક્ષાબંધનપર્વ :**— શ્રાવણી પુર્ણિમાના દિવસે શ્રી વિષ્ણુકુમાર મુનિરાજે શ્રી અકંપન આચાર્યાદિ ૭૦૦ મુનિવરોની ઉપસર્ગથી રક્ષા કરી હતી. આ પર્વ તા. ૪-૮-૨૦૦૧, શનિવારના દિવસે પૂજાભક્તિના વિશેષ આયોજનપૂર્વક ઊજવવામાં આવશે.

## ✻ જ્ઞાનવૈભવ-પ્રકાશન તથા પંડિતરત્નના જન્મનો વાર્ષિક દિવસ ✻

'બહેનશ્રી ચંપાબેનનો જ્ઞાનવૈભવ' ગ્રંથના પ્રકાશનનો વાર્ષિક દિવસ તા. ૧૮-૮-૨૦૦૧, શનિવારના દિવસે છે. આ દિવસે આપણા આદરણીય, ઊંડા આદર્શ આત્માર્થી, કુંદકુંદ—સરસ્વતીપુત્ર, સમયસાર આદિ પંચપરમાગમના ગદ્યપદ્યાનું વાદક, પંડિતરત્નશ્રી હિંમતલાલ જેઠાલાલ શાહ ૯૪મા વર્ષમાં મંગલ પ્રવેશ કરી રહ્યા છે. આ બંને પ્રસંગ. તેઓના ઉપકારો પ્રતિ કૃતજ્ઞતાજ્ઞાપનાર્થ, જિનેન્દ્રપૂજા-સમારોહ આદિ વિશેષ કાર્યક્રમપૂર્વક ઊજવવામાં આવશે.

## અધ્યાત્મવિદ્યાકેન્દ્ર સોનગઢ (સુવર્ણપુરી)માં

## જૈનદર્શન ધાર્મિક શિક્ષણવર્ગ

અધ્યાત્મયુગપ્રવર્તક પરમોપકારી પૂજ્ય સદ્ગુરુદેવ શ્રી કાનજીસ્વામીની પવિત્ર સાધનાભૂમિ શ્રી સુવર્ણપુરીમાં, પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની ૮૮મી જન્મજયંતીના અવસરે,

**તા. ૩૦-૭-૨૦૦૧, સોમવારથી તા. ૧૮-૮-૨૦૦૧, શનિવાર—વીસ દિવસનો, જૈન અધ્યાત્મવિદ્યાના શિક્ષણેચ્છુક (પુરુષ) મહાનુભાવો માટે, 'જૈનદર્શન ધાર્મિક શિક્ષણવર્ગ' રાખવામાં આવેલ છે. શિક્ષણેચ્છુક જૈન મહાનુભાવોને સાદર નિમંત્રણ છે.**

સૂચના :—સમાગત શિક્ષણચ્છુકો માટે આવાસ-ભોજનવ્યવસ્થા નિઃશુલ્ક રાખેલ છે. પ્રવચનસાર, મોક્ષમાર્ગપ્રકાશક, જૈનસિદ્ધાંત પ્રશ્નોત્તરમાળા—આ પાઠ્યપુસ્તકો આપની પાસે હોય તો અવશ્ય સાથે લાવવાં.

*

## વૈરાગ્ય-સમાચાર :—

મુંબઈનિવાસી કુ. વર્ષાબેન વિનુભાઈ શાહ (વર્ષ-૪૪) તા. ૩૧-૫-૨૦૦૧ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

જાંબુડીનિવાસી (હાલ-હિંમતનગર) શ્રી સોમચંદભાઈ ભોલાભાઈ શાહ તા. ૩-૬-૨૦૦૧ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

વિરમગામનિવાસી (હાલ સુરેન્દ્રનગર) કાન્તાબેન હિંમતલાલ શાહના પુત્ર તથા ડૉ. પૂર્ણિમાબેન આગ્રાવાળાના ભાઈ સ્વ. શ્રી સુરેશભાઈ શાહ (વર્ષ-૫૮) બ્રેઈન ટ્યુમરની બિમારીથી તા. ૨૫-૬-૨૦૦૧ મુંબઈ બોરીવલી મુકામે સ્વર્ગવાસ પામ્યા છે.

વીંછિયાનિવાસી વિદ્વાન શ્રી હિંમતભાઈ ડગલીના ધર્મપત્ની મુક્તાબેન (વર્ષ-૭૭) તા. ૨૬-૬-૨૦૦૧ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

બોટાદનિવાસી (હાલ જલગામ) સ્વ. ધરમચંદ રતિલાલ ગાંધીના સુપુત્ર હરેન્દ્ર (વર્ષ-૫૨) તા. ૩-૭-૨૦૦૧ના રોજ હાર્ટફેઈલ થવાથી સ્વર્ગવાસ પામ્યા છે.

સ્વર્ગસ્થ આત્માઓએ વારંવાર સોનગઢ આવીને પરમ કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીની ભવનાશક અધ્યાત્મ-અમૃતવાણીનો ઘણો લાભ લીધો હોવાથી દેવ-ગુરુનું સ્મરણ, જ્ઞાયકનું રટણ ને આત્મચિંતન કરતાં કરતાં શાંતિથી દેહ છોડ્યો હતો. તેઓ વીતરાગ દેવ-ગુરુ-ધર્મના ઉપાસક, તત્ત્વચિંતક હતા. પરમ કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીના શરણમાં પ્રાપ્ત કરેલાં આત્મસંસ્કારો વૃદ્ધિ પામીને વીતરાગ દેવ-ગુરુ-ધર્મના શરણમાં તેઓ શીઘ્ર આત્મોન્નતિ પામો એ જ ભાવના.

*

**અમદાવાદથી મુંબઈ માટે ૨૧-૦૫ મીનીટે ઉપડતી લોકશક્તિ એક્સપ્રેસ ટ્રેઈન નંબર ૯૧૪૪મા સોનગઢથી મુંબઈ માટે સ્લીપર-બર્થ રીઝર્વેશનના બે ક્વોટા ફાળવવામાં આવેલ છે. (કોચ નંબર એસ-૫, સીટ નંબર ૪૪, ૪૫) જેની સર્વે મુમુક્ષુઓને જાણ કરવામાં આવે છે.**

*

શ્રી જેકુંરબેન ઠાકરશીભાઈ મોદી-પરિવાર; હા. શ્રીમતી વિમળાબેન ગિરધરલાલ મોદી, મલાડ (મુંબઈ) દ્વારા અધ્યાત્મ-અતિશયતીર્થ સોનગઢમાં સાનંદોલ્લાસ સંપન્ન થવાવાળો

પ્રશમમૂર્તિ ધન્યવતાર પૂજ્ય બહેનશ્રી ચંપાબેનનો ૮૮મો

# સાંવત્સરિક મંગલ જન્મોત્સવ

સ્વાનુભવમુદ્રિત-અધ્યાત્મમાર્ગ પ્રકાશક પરમોપકારી પૂજ્ય સદ્‌ગુરુદેવ શ્રી કાનજીસ્વામીના પરમ ભક્ત, સ્વાનુભૂતિવિભૂષિત ભગવતી પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની—કે જેમનાં વીતરાગ દેવ-શાસ્ત્ર-ગુરુમહિમાભીનાં તથા સ્વાનુભૂતિ-માર્ગપ્રકાશક ઉપકાર–કિરણો આપણા સાધનાપથને સદૈવ આલોકિત કરે છે તેમની—આપણી ઉપકૃતતાભીની ભાવનાને વિશેષ દૃઢ કરવા માટે, ૮૮મી વાર્ષિક જન્મજયન્તી (શ્રાવણ વદ બીજ) સુવર્ણપુરીમાં શ્રી જેકુંવરબેન ઠાકરશીભાઈ મોદી-પરિવાર, હા. મલાડ (મુંબઈ) નિવાસી શ્રીમતી વિમળાબેન ગિરધરલાલ મોદી ના સૌજન્યથી અત્યંત ભક્તિભાવથી ઊજવવામાં આવશે. આ વાર્ષિક મંગલ જન્મોત્સવનું આયોજન તા. ૨-૮-૨૦૦૧, ગુરુવારથી તા. ૬-૮-૨૦૦૧ સોમવાર —પાંચ દિવસ સુધી ‘શ્રી રત્નત્રય મંડલવિધાનપૂજા’, અધ્યાત્મજ્ઞાનોપાસના તથા દેવ-ગુરુભક્તિ આદિ વિવિધ રોચક કાર્યક્રમ સાથે અતિ ભક્ત્યુલ્લાસથી ઊજવવામાં આવશે. આ મંગલ અવસર પર પૂજ્ય ગુરુદેવશ્રીનાં અધ્યાત્મરસપૂર્ણ ટેવપ્રવચન, પૂજ્ય બહેનશ્રીની વિડિયો–ધર્મચર્ચા, સમાગત વિદ્વાનોનાં શાસ્ત્ર-પ્રવચન, તા. ૩૦-૭-૨૦૦૧ થી તા. ૧૮-૮-૨૦૦૧—વીસ દિવસ સુધી ચાલનારો (પુરુષો માટે) ધાર્મિક શિક્ષણવર્ગ, ‘કૌન બનેગા આત્માર્થી’—આ તત્ત્વજ્ઞાનમય રોચક પ્રશ્નોનો કાર્યક્રમ, ઘાટકોપર, વઢવાણ, તથા મલાડની દિ. જૈન ભજનમંડળી દ્વારા જિનેન્દ્ર ભક્તિ તથા પ્રાસંગિક ભક્તિ—ઈત્યાદિ અનેક પ્રકારના કાર્યક્રમોનો પણ બધાને લાભ મળશે. સમાગત મહેમાનો માટે આવાસ-ભોજનવ્યવસ્થા નિઃશુલ્ક રાખવામાં આવેલ છે.

❀ ❀ ❀

# ✽ પૂજ્ય ગુરુદેવશ્રીનાં હૃદયોદ્‌ગાર ✽

❀ શ્રોતા :—રાગાદિકનું ને જ્ઞાનનું ઉપજવું એક જ ક્ષેત્રમાં ને એક જ સમયે થતું હોવાથી તે બન્નેની ભિન્નતા કેવી રીતે છે?

❀ પૂજ્ય ગુરુદેવ :–જે સમયે અને જે ક્ષેત્રે રાગાદિકનું ઊપજવું થાય છે તે જ સમયે અને તે જ ક્ષેત્રે જ્ઞાનનું ઊપજવું થતું હોવાથી અજ્ઞાનીને ભ્રમથી તે બન્ને એક હોય તેમ લાગે છે પણ તે બન્નેના સ્વભાવો જુદા જુદા છે, એક નથી. બંધનું લક્ષણ રાગાદિ છે અને ચૈતન્યનું લક્ષણ જાણવું છે. એમ બન્નેના લક્ષણો ભિન્ન છે. રાગાદિકનું ચૈતન્યની સાથે એક જ સમયે ને એક જ ક્ષેત્રે ઊપજવું થાય છે તે ચૈત્ય–ચેતક—જ્ઞેય–જ્ઞાયક ભાવની અતિ નિકટતાથી થાય છે પણ એક દ્રવ્યપણાના લીધે નથી થતું. જેમ પ્રકાશવામાં આવતાં ઘટપટાદિ પદાર્થો દીપકના પ્રકાશપણાને જાહેર કરે છે, ઘટપટાદિને નહિ. તેમ જાણવામાં આવતાં રાગાદિક ભાવો આત્માના જ્ઞાયકપણાને જ પ્રસિદ્ધ કરે છે, રાગાદિકને નહિ. કેમ કે દીવાનો પ્રકાશ દીપકથી તન્મય છે. તેથી પ્રકાશ દીપકની પ્રસિદ્ધિ કરે છે, તેમ જ્ઞાન આત્માથી તન્મય હોવાથી જ્ઞાન આત્માને પ્રકાશે છે–પ્રસિદ્ધ કરે છે, રાગાદિને નહિ. કામ–ક્રોધાદિ કષાયભાવો જ્ઞાનમાં જણાય છે તે ખરેખર રાગાદિને પ્રકાશતા નથી કેમ કે રાગાદિ જ્ઞાનમાં તન્મય થયા નથી પણ રાગાદિ સંબંધીનું જ્ઞાન પોતાના જ્ઞાનને પ્રકાશે છે. ચૈતન્ય સ્વયં પ્રકાશસ્વભાવી હોવાથી પર સંબંધીના પોતાના જ્ઞાનને પ્રકાશે છે, પરને પ્રકાશતો નથી. પહેલાં કહ્યું કે આત્મા પરને પ્રકાશે છે; પણ તે વ્યવહારથી વાત કરી. ખરેખર તો પર સંબંધીના પોતાના જ્ઞાનને જ પ્રકાશે છે. આ બધી જગતની ચીજો છે તે જ્ઞાનપ્રકાશમાં આવતી નથી અને જ્ઞાનપ્રકાશ જગતની ચીજોમાં જતો નથી. જગતની ચીજો છે તે સંબંધીની પોતાની પરપ્રકાશકતા જ્ઞાનપ્રકાશને જ પ્રકાશે છે. આથી સિદ્ધ થયું કે બંધસ્વરૂપ રાગાદિના અને પ્રકાશસ્વરૂપ જ્ઞાનના લક્ષણો જુદા હોવાથી તેમને એકપણું નથી. તે બંનેના સ્વલક્ષણો જુદા જુદા જાણીને ભગવતી પ્રજ્ઞાછીણીને તે બંનેની અંતરંગ સાંધમાં પટકવાથી એટલે કે જ્ઞાનને આત્માની સન્મુખ વાળવાથી રાગથી ભિન્ન ચૈતન્યના અતીન્દ્રિય આનંદને અનુભવાય છે. ૨૧૫.

❀ વ્યવહારરત્નત્રયનો સ્વામી પુદ્‌ગલ છે. જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય તે ભાવનો સ્વામી પુદ્‌ગલ છે, હું નથી.

દયા-દાન-પૂજા-ભક્તિ, શાસ્ત્ર-વાંચવા, સાંભળવા આદિના શુભભાવો અને ધંધા સ્ત્રી-પુત્ર ખાવા–પીવા આદિના અશુભભાવો તે બધા ભાવોથી આત્મા ત્રણે કાળે રહિત હોવા છતાં તેનાથી સહિત માનવો એ જ સંસારમાં રખડવાનું નરક–નિગોદનું મહાબીજ છે. ૨૧૬.

## ❀ મારું શું થશે ? ❀

જુઓ ને! મનુષ્યભવમાં જન્મે, પછી બાળપણ તો નકામું જાય, યુવાની આવે પરણે બાળકો થાય, દુકાન સરખી ચાલે, ઉદ્યોગપતિ નામ થાય અને અંતે મરી જાય—આમાં આત્મહિતની તો ભાવના પણ થતી નથી. મારું શું થશે, મારું હિત કેમ થાય તેની તો ચિંતા જ નથી અને બહારની હોળીમાં સમય વીતાવી દે છે.

—કરુણાસાગર પૂજ્ય ગુરુદેવ

If undelivered please return to :—
Shri Dig. Jain Swadhyay Mandir Trust
SONGADH-364 250 (INDIA)

Licence No. 21 'Licensed to
Post Without Prepayment'

પ્રકાશક : શ્રી ચીમનલાલ ઠાકરશી મોદી, મંત્રી-ટ્રસ્ટી
શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ
સોનગઢ—૩૬૪ ૨૫૦

મુદ્રક : કહાન મુદ્રણાલય, સોનગઢ

તંત્રી : હીરાલાલ ભીખાલાલ શાહ

માલિક : શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ
સોનગઢ—૩૬૪ ૨૫૦

સ્થળ : જૈન વિદ્યાર્થી ગૃહ કમ્પાઉન્ડ,
સોનગઢ—૩૬૪૨૫૦

સંપાદક : નાગરદાસ બેચરદાસ મોદી

આજીવન સભ્ય ફી : ૧૦૧/–
વિદેશ માટે (સી-મેઈલથી) રૂા. ૪૫૦/–
વાર્ષિક લવાજમ : રૂા. ૯/–
વિદેશ માટે (સી-મેઈલથી) રૂા. ૪૫/–
[વિદેશ માટે એર-મેઈલથી મંગાવવા માટે
પોસ્ટેજના વાર્ષિક રૂા. ૨૦૪/– અલગ]

Email : C/o vshahco@yahoo.com
Fax : (02846) 44334